જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૩-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

મમતા બેનર્જીના ગઢમાં વડાપ્રધાનનો હૂંકાર,ચૂંટણીનું રણશીંગુ ફૂંક્યુ

એકબીજાનું મોઢુ ન જોનારા લોકો આજે એક થઈ ગયા: પીએમ મોદી

કાળા કામ કરનારાઓને ચોકિદાર પસંદ નથી,અમારી નિયત સાફ છે,રાજદારો આજે રાજ ખોલી રહ્યાં છે,પશ્ચિમ બંગાળમાં દરેક બાળક ટીટીટી તૃણમૂલ ટોલા બાઝી ટેક્સથી પરિચિત છે - મમતા સરકારનું જવાનું નક્કી,આ ભીડ જોઈને સમજી શકાય છે કે દીદી હિંસા પર કેમ ઉતર્યા,કોંગ્રેસે ખેડૂતોને ૫૨ હજાર કરોડ રૂપિયા આપ્યા, ૧૦ વર્ષમાં અમારી યોજનાઓથી ૭ લાખ કરોડ રૂપિયા મળશે

ઠાકુરગંજ

મમતા બેનર્જીના ગઢમાં પીએમ મોદીએ મિશન ૨૦૧૯ની શરૂઆત કરી ચૂંટણીનું રણશીંગુ ફૂક્યું છે. તેમણે નોર્થ ૨૪ પરગણાના ઠાકુર નગર અને બર્દવાનના દૂર્ગાપૂરમાં રેલી સંબોધી હતી. જ્યાં તેમએને રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા હતાં. વડાપ્રધાને કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં ગામડાઓની સ્થિતિ ખુબ જ ખરાબ છે. અમારી સરકાર તેને બદલવા પ્રયાસરત છે. અહીંની સરકારોએ ગામડા પ્રત્યે ક્યારેય ધ્યાન જ નથી આપ્યું. જો બીત ગતા સો બીત ગયા. નવુ ભારત આ સ્થિતિમાં ના રહી શકે. મહાગઠબંધન પર નિશાનો સાધતા પીએમ મોદીએ કહ્યું હતું કે, આ લોકો ચાર વર્ષ પહેલા એક બીજાનો ચહેરો જોવાનું પસંદ નહોતા કરતા. એ જ અત્યારે ગળે મળી રહ્યા છે. કાળા કારનામા કરનારા લોકોને ચોકિદાર પસંદ નથી. પીએમ મોદીએ કહ્યું કે પશ્ચિમ બંગાળમાં દરેક બાળક TTT તૃણમૂલ ટોલા બાઝી ટેક્સથી પરિચિત છે. પશ્ચિમ બંગાળ એકમાત્ર રાજ્ય છે જ્યાં તમને શિક્ષા માટે ટેક્સ આપવો પડે છે. પીએમ મોદીએ કહ્યું કે દસ વર્ષ પહેલા કોંગ્રેસે દાવો કર્યો હતો કે ખેડૂતોને ૫૨,૦૦૦ કરોડ રૂપિયા કર્ઝમાફી કરીશું. આટલા પૈસાથી અમે પણ કર્ઝ માફીનો શોર મચાવી શકતા હતા. પણ અમારી નિયત સાફ છે. જેનું પરિણામ ખેડૂતોના હિતમાં આવેલી



પરમાનેન્ટ યોજના છે.

જોકે વડાપ્રધાનની આ રેલીમાં ભીટ એટલી હદે હતી કે તેમાં નાસભાગ જેવી સ્થિતિ ઉભી થઈ શકે તેમ હતી. આ બાબતને ધ્યાનમાં રાખતા વડાપ્રધાને માત્ર ૧૪ જ મીનીટમાં પોતાનું ભાષણ પુરૂ કરી લીધું હતું. તેમણે કહ્યું હતું કે, સાડા ચાર વર્ષથી કેન્દ્રની સરકર આ સ્થિતિને બદલવાના ઈમાનદાર પ્રયાસ કરી રહી છે. ગઈ કાલે ઐતિહાસીક બજેટમાં પહેલીવાર ખેડતો અને કામદારો માટે અનેક મોટી યોજનાઓની જાહેરાત કરવામાં આવી. બજેટમાં જે યોજનાઓની જાહેરાત થઈ તેનાથી દેશના ૧૨૨ કરોડથી પણ વધારે નાના ખેડૂત પરિવારોને, ૩૦-૪૦ કરોડ શ્રમિકોને અને ૩ કરોડથી વધારે મધ્યમ વર્ગના પરિવારોને સીધો લાભ મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળની મુલાકાતે છે. અહીં તેમણે ઠાકુર નગરમાં એક રેલી સંબોધી હતી. આ રેલીમાં મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડ્યાં હતાં. ભારે ભીડને જોઈ વડાપ્રધાને કહ્યું હતું કે, આ દ્રશ્યો જોયા બાદ મને સમજાય છે કે દીદી હિંસા પર કેમ ઉતરી આવી છે. આ તમારો પ્રેમ જ છે જેના ડરના કારણે લોકતંત્ર બચાવવાનું નાટક કરનારા નિર્દોષ લોકોની હત્યાઓ કરાવવા પર ઉતારૂ બન્યા છે. ઠાકુર નગર તેના સમાજીક આંદોલનોનું સાક્ષી રહ્યું છે. હું આ ધરતીને વંદન કરૂ છું.

સુપ્રીમ કોર્ટની ઝાટકણી પછી સમિતિએ બીજા જ દિવસે મહત્વનો નિર્ણય લીધો

સીબીઆઈના નવા ડાયરેક્ટર તરીકે ઋષિકુમાર શુક્લાની નિમણૂક

ન્યુ દિલ્હી

સેન્ટ્રલ બ્યૂરો ઈન્વેસ્ટીગેશન સીબીઆઈના નવા ડાયરેક્ટર તરીકે એમપી કેડરના ઋષિકુમાર શુક્લના નામની જાહેરાત કરવામાં આવી છે. ઋષિકુમારની નિમણૂક શનિવારે બપોરે થઈ હતી. શુક્રવારે મળેલી બેઠકમાં સિલેક્શન કમિટીએ પાંચ નામ નક્કી કર્યા હતા જે સીબીઆઈના નવા ડાયરેક્ટરના પદ માટે દાવેદાર હોવાની ચર્ચા હતી. સિલેક્શન કમિટીમાં વડા પ્રધાન મોદી, નેતા વિરોધ પક્ષ મલ્લિકાર્જુન ખડગે અને દેશના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ થતો હતો. આ કમિટીએ સીબીઆઈના નવા ડાયરેક્ટરની નિયુક્તી કરી હતી. દાવેદાર



અધિકારીઓમાં ૧૯૮૫ બેચના મધ્ય પ્રદેશ કેડરના આઈપીએસ અધિકારી અને મધ્ય પ્રદેશના ડીજીપી આર કે શુક્લા ફ્રન્ટ રનર માનવામાં આવતા હતા. તેમના ઉપરાંત સીઆરપીએફના ડીજી રાજીવ રાય ભટનાગર, યુપીના પૂર્વ ડીજીપી અને એનસીએફએસના ડીજી જાવેદ અહેમદ અને બીપીઆર વિભાગના ડીજીપી એપી મહેશ્વરી, અને સીબીઆઈના સ્પેશિયલ ડાયરેક્ટર અરવિંદ કુમારના નામ પર પણ શુક્રવારે ચર્ચા થઈ હતી, જેમાંથી ઋષિકુમાર શુક્લાની સીબીઆઈના ડાયરેક્ટર તરીકે નિયુક્તિ કરાઈ છે. આલોક વર્માને હટાવ્યા બાદ સીબીઆઈનું પ્રમુખ પદ ૧૦મી જાન્યુઆરીથી ખાલી હતુ. ભ્રષ્ટાચારનાં આરોપો પર ગુજરાત કેડરનાં આઈપીએસ અધિકારી રાકેશ અસ્થાના અને આલોક વર્મા વચ્ચેની ખેંચતાણ થઈ હતી. વર્મા અને અસ્થાના બન્નેએ એકબીજા પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો.વર્માને પદ પરથી હટાવ્યા બાદ એમ.નાગેશ્વર રાવ ઈન્ટિરમ સીબીઆઈનાં પ્રમુખ તરીકે કાર્યરત છે.

મારા જેવા ઘણાં કોંગ્રેસમાં નારાજ છે, ૩૬ની છાતી હશે તો બહાર આવશે

કોંગ્રેસમાં કકળાટ: ઊંઝાના ધારાસભ્ય આશા પટેલે આપ્યુ રાજીનામું

વારંવાર ધારાસભ્ય તરીકે અમારું કોઇ માન સન્માન જળવાતું ન હોય ત્યારે મનમાં મનોમંથન કરીને જ હું આ નિર્ણય પર પહોંચી છું,કોંગ્રેસના રાષ્ટ્રીટ નેતૃત્વમાં ખામી,૧૦ ટકા અનામત આપવાના ભાજપના નિર્ણયને આવકાર્યો

ગાંધીનગર

લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના સભ્યોનો આંતરિક કકળાટ બહાર આવી રહ્યો છે. એક પછી એક કોંગ્રેસના નેતાઓ કોંગ્રેસમાંથી રાજીનામું આપીને પક્ષ પલટો કરી રહ્યા છે. કોર્પોરેટર હોય કે, ધારાસભ્ય કોંગ્રેસને છોડીને ભાજપનો ભગવો ધારણ કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ પાર્ટીને વધુ એક ફટકો પડ્યો છે. મહેસાણાના ઊંઝાના ધારાસભ્ય ડૉ. આશા પટેલે આજે સવારે વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીના નિવાસ સ્થાને જઈને ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું.

રાજીનામું આપ્યા બાદ ડૉ. આશા પટેલે રાહુલ ગાંધીના નેતૃત્વને નિષ્ફળ ગણાવ્યું અને કોંગ્રેસને જુથવાદ ચરમ સીમાએ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાત ડૉ. આશા પટેલે સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય લેવાના કારણે ભાજપના વખાણ કર્યા હતા. આશાબહેન પટેલે રાજીનામું આપ્યાં પછી મીડિયા સાથેની વાતચીત કરી હતી. જેમાં તેમણે કોંગ્રેસ સાથે વર્ષોથી કામ કરી રહ્યાં છે તેમ જણાવ્યું હતું. તેમણે નેતૃત્વ પર અનેક પ્રહારો કરતાં કહ્યું કે, ' રાષ્ટ્રીય નેતૃત્વમાં મોટી ખામી, પ્રદેશ લેવલનાં નેતૃત્વમાં પણ મોટી ખામી, આંતરિક જૂથવાદ, સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે કોઇ જ તાલમેલ નથી. વારંવાર ધારાસભ્ય તરીકે અમારું કોઇ માન સન્માન જળવાતું ન હોય ત્યારે મનમાં મનોમંથન કરીને જ હું આ નિર્ણય પર પહોંચી છું. જ્યાં સફળ નેતૃત્વ ન હોય, નિર્ણય શક્તિ ન હોય ત્યાં પોતાનો સમય અને શક્તિનો વ્યય ન કરી શકું.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (૨જી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત

રૂપિયા ૫૦૦૦/- (+ટેક્ષ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી

ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : 7575006850

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્દઅંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહીના દરમિયાનથી ભાગીદારી રૂપિયા કામ મુજબ ચોક્કસ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડિજીટલ કોપડ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેમ્બરશીપ ફીમાંથી કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
ઓછામાં ૧૨૫૦/- (સોટો જોડવી ફરજીયાત)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સામે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ગણા વર્ષ માટે ૫૦૦૦/- (સોટો જોડવી ફરજીયાત)
આપનો કોડ ત્રીજા ગણા વર્ષ માટે રીન્યુ કરી શકશો.

સાથે એક વર્ષ માટે મોફત વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સામે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો | ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ફાયર સેફ્ટી ન લગાડનાર સામે લાલઆંખ: વિજય સેલ્સના શો-રૂમને સીલ કરાયો

સુરત

સુરત વેસુ આગ દુર્ઘટના બાદ ફાયરની ટીમ હરકતમાં આવી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ફાયર સેફ્ટીના સાધનો અંગે નોટી આપવા છતાં પાલન નહીં કરનાર વિજય સેલ્સના શો રૂમને આજે વહેલી સવારે સીલ મારી દેવામાં આવ્યું હતું.

સુરત વેસુમાં સર્જાયેલી આગ દુર્ઘટના બાદ ફાયર વિભાગની ટીમ હરકતમાં આવી છે. ફાયર વિભાગ દ્વારા વિવિધ ટ્યૂશન ક્લાસીસ, શો-રૂમ, મોલ અને કોમર્શિયલ બિલ્ડીંગમાં ફાયર સેફ્ટીના સાધનો અંગે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કેટલાક સ્થળે ફાયરના સાધનોનો અભાવ જોવા મળ્યો હતો. જેથી ફાયર વિભાગ દ્વારા તેઓને નોટિસ ફટકારવામાં આવી હતી.

નોટિસ ફટકારવા છતાં ફાયરના સાધનો નહીં લગાડનારઓ સામે ફાયર વિભાગે લાલ આંખ કરી હતી. આજે વહેલી સવારે પીપલોદ સ્થિત વિજય સેલ્સ શો રૂમને સીલ મારી નોટિસ ફટકારવામાં આવી હતી. શો રૂમ સીલ કરતાની સાથે જ માલિક પણ દોડતો થયો હતો. ઉલ્લેખનીય છે કે આગામી ૫ દિવસમાં ફાયર વિભાગ દ્વારા ૧૫થી વધૂ ટ્યૂશન ક્લાસિસો સીલ મારવામાં આવ્યા, હતા.

જીતનરામ માંઝી ગયાથી ચૂંટણી લડશે
બિહાર લોકસભા ચૂંટણીમાં આરજેડી ૨૦,કોંગ્રેસ ૧૦ સીટ પરથી ચૂંટણી લડે તેવી શક્યતા

પટના

બિહારમાં આરજેડી અને કોંગ્રેસ વચ્ચે લોકસભા સીટની વહેંચણી થવાનું લગભગ નક્કી થઈ ગયું છે. કુલ ૪૦ સીટમાંથી આરજેડી ૨૦ અને કોંગ્રેસ ૧૦ સીટ પર ચૂંટણી લડી શકે છે. બાકીની ૧૦ સીટ મહાગઠબંધનના અન્ય પક્ષને આપવામાં આવશે. આ વિશે ટૂંક સમયમાં જ ઔપચારિક જાહેરાત કરવામાં આવશે. કોંગ્રેસ ૩ ફેબ્રુઆરીએ પટનામાં એક રેલી કરશે જેમાં રાહુલ ગાંધી સાથે મહાગઠબંધનના દરેક પક્ષ હાજર રહેશે.

મહાગઠબંધનમાં કોંગ્રેસ, આરજેડી, આરએલએસપી, હમ, એલજેડી, વીઆઈપી અને ડાબેરીઓનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ડાબેરીઓ અને હમને બે-બે સીટ આપવામાં આવી શકે છે. મહાગઠબંધનના નેતૃત્વ દ્વારા આરએલએસપીને ત્રણ અને એલજેડીની બે સીટ નક્કી કરવામાં આવી છે. તેમાં ઉપેન્દ્ર કુશવાહાને તેમના ત્રણ ઉમેદવાર અને શરદ યાદવને ૨ ઉમેદવાર નક્કી કરવાના છે. તેમાં ખાસ એ છે કે, બંને નેતા એક સાથે એક ઝંડો અને એક ચૂંટણી નિશાનનો ઉપયોગ કરી શકે છે.

સીટોની વહેંચણી અર્તગત કારાકાટ અને મોતિહારી સીટ પર આરએલએસપી અને મધેપુરા પર એલજેડી ચૂંટણી લડશે. સીતામઢીથી આરએલએસપી સાંસદ રામ કુમાર શર્મા અત્યારે સાંસદ છે. જ્યારે શરદના ખાસ અર્જુન રાય પણ આ સીટ પરથી જ ચૂંટણી લડવા માંગે છે. હમના નેતા જીતનરામ માંઝી ગયાથી ચૂંટણી લડશે. જાપ નેતા પપ્પૂ યાદવ અને સપા નેતા દેવેન્દ્ર યાદવને પણ મહાગઠબંધનમાં જગ્યા આપવામાં આવે તેવી શક્યતા છે.

ભાજપ સાથે જોડાણ કરનાર તમામને માન સન્માન મળે તેવા પ્રયત્ન: નીતીન પટેલ

ગાંધીનગર

ઉંઝાના ધારાસભ્ય ડો. આશાબેન પટેલે કોંગ્રેસમાં તથા ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપી દેવાતા રાજકારણ ગરમાયું છે. જે અંગે અનેક લોકો દ્વારા પ્રતિક્રિયા આપાવમાં આવી છે. જે અંગે નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલે પણ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેમણે જણાવ્યું કે, ભાજપ સારા કાર્યકરોને આવકારે છે. ભાજપ સાથે જોડાણ કરનાર તમામને માન સન્માન મળે તેવા પ્રયત્ન ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવે છે.

ઉત્તર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીમાં પાસ સહિતના લોકો જોડાણ કરી રહ્યા છે. કોંગ્રેસમાં ધારાસભ્યો, નેતાઓ અને સિનિયર નેતાઓની અવગણના કરવામાં આવે છે. આશાબેનની પણ અવગણના કરવામાં આવતા તેમણે રાજીનામું આપ્યું છે. આ બધી બાબતો જોતાએ સ્પષ્ટ થાય છે, કે પાર્ટીમાં અવગણના થવાના કારણે તેમણે રાજીનામું આપ્યું હોય તેવું લાગી રહ્યું છે.

નીતીન પટેલ દ્વારા વધુમાં જણાવામાં આવ્યું કે, સમગ્ર ગુજરાતમાં ખુણે ખુણેથી લોકો ભાજપમાં જોડાઈ રહ્યા છે. કુંવરજી હળપતિ તથા આદિવાસી સમાજના લોકો પણ ભાજપના જોડાઈ રહ્યા છે. ભાજપ સાથે જોડાણ કરવા માંગતા તમામ લોકોને અમે આવકારીએ છે. કોંગ્રેસમાં આંતરિક વિખવાદ હોવાને કારણે કોંગ્રેસ પક્ષમાંથી નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યા છે.

ગૃહ મંત્રાલયે જાહેર કર્યું નોટિફિકેશન
મોદી સરકારે સિમી પર લાગેલ પ્રતિબંધ પાંચ વર્ષ વધાર્યો

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે દેશમાં આતંકી પ્રવૃત્તિઓમાં સામેલ સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા (સિમી) પર પાંચ વર્ષનો પ્રતિબંધ વધારી દીધો છે. આ સંબંધમાં ગૃહ મંત્રાલગની અધિસૂચના બાદ આ આદેશ ગુરુવારથી પ્રભાવિત થઈ ગયો છે. અગાઉ યૂપીએ સરકારે ૧ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ સિમીને પાંચ વર્ષ માટે પ્રતિબંધિત કરી હતી. અધિસૂચના અનુસાર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિરોધક) અધિનિયમ, ૧૯૬૭ની કલમ ૩ની ઉપકલમ ૮૧) અને (૩) હેઠળ કેન્દ્ર સરકાર સિમીને એક 'ગેરકાયદેસર સંગઠન' જાહેર કરે છે.

આ પ્રતિબંધ પાંચ વર્ષ સુધી પ્રભાવી રહેશે. સિમી પર સરકાર તરફથી લાગેલા આ પ્રતિબંધની ટ્રિબ્યૂનલ તરફથી પુષ્ટિ કરવામાં આવશે. ગૃહ મંત્રાલયની પાસે આવા ૫૮ કેસોની યાદી છે જેમાં સિમીના સભ્યો કથિત રીતે સામેલ છે. મંત્રાલયનું કહેવું છે કે સંગઠન સાંપ્રદાયિક વિદ્વેષ ઉભો કરી લોકોની વિચારધારાને વિકૃત કરી રહી છે. આ એવી પ્રવૃત્તિઓમાં સામેલ છે જે દેશની એકતા અને સુરક્ષાની વિરુદ્ધ છે.

સિમીના સભ્ય ૨૦૧૭માં ગયા વિસ્ફોટ,માં બેંગલુરુ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વિસ્ફોટ અને ૨૦૧૪માં ભોપાલ જેલબ્રેક કાંડમાં સામેલ રહી છે. મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, તમિલનાડુ, તેલંગાના અને કેરળની પોલીસે સિમી નેતા સફદર નાગૌરી, અબૂ ફૈસલની વિરુદ્ધ અનેક મામલા નોંધાયેલા છે.

ગીર-સોમનાથ: શેરડીના ભાવમાં ઘટાડો, ખેડૂતો ચિંતામાં ગરકાવ

ગીર-સોમનાથ

ખેડૂતોના પાકોના ભાવમાં સતતને સતત ઘટાડો થઈ રહ્યો છે, ડુંગળી પકાવતા ખેડૂતોએ ઉભા પાકમા પશુ ચરાવ્યા તો હવે શેરડી પકાવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ગીરના સુત્રાપાડા તાલાલા કોડીનાર અને ઉના સહિતના વિસ્તારોમા શેરડીનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે અને ખેડૂતોને અત્યાર સુધી એક ટન શેરડીના ૨૧૦૦ રૂપિયા ભાવ મળતા હતા. પરંતુ અચાનક છેલ્લા ૧૫ દિવસ થી ભાવૂમા ધરખમ ઘટાડો થયો અને ૨૧૦૦ રૂપિયાની જગ્યાએ ભાવ ૧૬૦૦ થઈ ગયા. એટલે કે ૫૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. તો બીજી તરફ ગોળના બજારમાં પણ મંદી છવાઈ છે. ગોળના ભાવ ડબ્બે ૬૦૦ થી ઘટી ૪૨૫ થતાં શેરડીના ભાવ તૂટ્યા છે. વેપારીઓનું કહેવું છે કે અખાદ્ય ગોળ રાજયમાં ઘૂસવાના કારણે અને પ્રોડકશન વધવાના કારણે ગોળના ભાવ તૂટ્યા છે.

બીમારીથી ત્રસ્ત યુવકે કરેલી આત્મહત્યા

સુરત

નવસારી નજીક આવેલા અડદા ગામે રહેતા શ્રમજીવીએ અસ્થિર મગજની બીમારીથી કંટાળી જઈ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી તાલુકાના અડદા ગામે રોડ ફળીયામાં રહેતાં જીતુભાઈ ગુલાબભાઈ હળપતિ ઉ.વ.૪૫ ખેત મજૂરી કામ કરતા હતા અને તેઓ છેલ્લા કેટલાક સમયથી અસ્થિર મગજની બીમારીથી પીડાઈ રહ્યા હતા ગઈકાલે તેમણે પોતાના ઘરમાં અસ્થિર મગજની બીમારીથી કંટાળી જઈને ઘરમાં છતના લાકડા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જે અંગે તેના પરિવારને જાણ થતા ભારે આક્રંદ કર્યું હતું. આ બનાવ અંગે નવસારી રૂરલ પોલીસમાં કિશોરભાઈ રમેશભાઈ હળપતિ રહે. રોડ ફળીયા, અડદા ગામ, તા.જિ. નવસારીએ ફરિયાદ નોંધાવી હતી. જે અંગેની વધુ તપાસ હે.કો. જીજ્ઞેશભાઈ રઘુનાથ કરી રહ્યા છે.

બધા ભેગા મળીને મોદી સામે લડીશું: કેજરીવાલ
દિલ્હીમાં નાયડુ-કેજરીવાલની મુલાકાતથી રાજકારણ ગરમાયુ

ન્યુ દિલ્હી

તેલુગુ દેશમ પાર્ટીનાં પ્રમુખ એન. ચન્દ્રાબાબુ નાયડુ શુક્રવારે રાત્રે આમ આદમી પાર્ટીનાં નેતા અને દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળ્યા હતા. તેમની આ મુલાકાત મહત્વની ગણાઈ રહી છે. કેમ કે, એપ્રિલ-મે મહિનામાં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે અને તમામ પક્ષો પ્રચારમાં લાગી ગયા છે. મોદી વિરોધી પક્ષો ભેગા મળી મહાગઠબંધન કરી રહ્યા છે અને કોઈ પણ ભોગે મોદી બીજી વખત વડાપ્રદાન ન બને તે માટે પ્રયાસ કરી રહ્યા છે.

કેજરીવાલ અને નાયડુની મિટીંગ દરમિયાન આમ આદમી પાર્ટીનાં રાજ્યસભાનાં સાસંદ સંજય સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા. નાયડુ સાથેની મુલાકાત પછા કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું કે, નાયડુ સાથેની મુલાકાત સફળ રહી છે અને બધા ભેગા મળીને મોદી સામે લડશે.

આ પહેલા, શુક્રવારે સવારે નાયડુ કોંગ્રેસનાં પ્રમુખ રાહુલ ગાંધી સહિત અન્ય વિરોધ પક્ષનાં નેતાઓને મળ્યા હતા. તેમનો એ પ્રયાસ છે કે, લોકસભાની ચૂંટણી પહેલા તમામ વિરોધ પક્ષો ભેગા થાય અને મોદીને માત કરે.

નાયડુએ કહ્યું હતું કે, લોકશાહાની કેટલીક મજબુરીઓ છે જે તમામ વિરોધ પક્ષોને ભેગા કરે છે. પ્રાદેશિક પક્ષો ભેગા મળીને નક્કી કરશે કે આગામી સરકાર કેવી રીતે બનાવવી.

રાતમાં શું રંધાયું કે સવારે રાજીનામુ આપવાનો નિર્ણય કર્યો : અમિત ચાવડા

અમદાવાદ

આશા પટેલના રાજીનામા બાદ હવે કોંગ્રેસના મોવડી મંડળમાંથી અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે ભાજપ પર પ્રહાર કર્યા હતા. અમિત ચાવડાએ પોતાની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, ગઈ કાલે યોજાયેલી મીટીંગમાં તેમને કોઈ પ્રશ્ન હોય તેવું લાગ્યું નહોતું. તેમણે પાર્ટી સાથે પરામર્શ કર્યા વિના આ નિર્ણય લીધો છે. થોડા દિવસ પહેલા સંગઠન પ્રભારી રાજીવ પ્રભારી સાતમ સાથે ચર્ચા કરાઈ હતી. જ્યાં બધા ધારાસભ્યોને સાંભળવામાં આવ્યા હતા. ત્યાં પણ કોઈ સમસ્યા નહોતી.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, પોતાના વ્યક્તિગત હિતો માટે અને સ્વાર્થ માટે નિર્ણય લેવાયો છે. તેમણે ભાજપ પર આક્ષેપ લગાવતા કહ્યું હતું કે તેઓ કોંગ્રેસને લોકસભા ચૂંટણી પહેલા તોડવાની કામગીરી કરી રહ્યા છે. આ સિવાય તેમણે ભાજપ પર લોભ અને લાલચ આપવાનો પણ આક્ષેપ લગાવ્યો હતો.

પક્ષના કાર્યકરોને સોંપવામાં આવતી કામગીરી મુદ્દે અમિત ચાવડાએ કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણી પહેલા મહિલા કાર્યકર્તા તરીકે તેમને તક આપવામાં આવી હતી. ત્યાંના કાર્યકરોએ પણ આ વાતનો સ્વીકાર કર્યો હતો.

પીએમ મોદીના ભાઈથી પત્રકારની જાનનું જોખમ: મુખ્યમંત્રી રૂપાણીને નાખી રાવ!!

પત્રકારની સલામતીની માંગને ધ્યાનમાં લેવાને બદલે, મુખ્યમંત્રી કાર્યાલયએ ઊલટા ચોર કોટવાલને દંડેની નીતિ અપનાવી પત્રકારની અરજી પોલીસ અને જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલીને રક્ષણ આપવાને બદલે ફરિયાદ તેમનું મરણોત્તર નિવેદન સમાન હોવાથી તેઓ આત્મવિલોપન કરવા માંગે છે એમ જણાવી પંડ્યાની સામે જ કાર્યવાહી કરવા સત્તાવાળાઓને જાણ કરી છે!

ગાંધીનગરના ન્યૂઝ૨૪ના પત્રકાર ગૌરાંગ પંડ્યાએ મુખ્યમંત્રી વિજય રૂપાણીના સ્વાગત ઓનલાઈન કાર્યાલયમાં બે પાનામાં લેખિત રજૂઆત કરી છે કે તેમણે માહિતી વિભાગના નિયામક અશોક કાલરિયા અને વિજ્ઞાપનનો હવાલો સંભાળતા નાયબ નિયામક પંકજ મોદી કે જેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સગા ભાઈ છે તેમના દ્વારા સરકારી જાહેરખબરો આપવાં અનિયમિતતા અને ગરબડ ગોટાળા તથા મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાની માહિતે તેમણે માહિતી વિભાગ પાસેથી આરટીઆઇ એક્ટ દ્વારા માંગતા અને તેની જાણ કાલરિયા તથા પંકજ મોદી થઈ જતાં પોતાના કૌભાંડો બહાર ન પડે તે માટે કાલરિયા અને વડાપ્રધાનના ભાઈ દ્વારા તેમને અને તેમના સમગ્ર પરિવાર પર જાનનું જોખમ તોળાઈ રહ્યું છે. તેમણે પોતાની સુરક્ષાની માંગ કરીને કાલરિયા અને પંકજ મોદી સામે પગલા ભરવાની માંગ કરી છે. પરંતુ સરકારે તેમની આ અરજી કે ફરિયાદ તેમનું મરણોત્તર નિવેદન સમાન હોવાથી તેઓ આત્મવિલોપન કરવા માંગે છે એમ જમઆવીને પંડ્યાની સામે કાર્યવાહી કરવા પોલીસ અને જિલ્લા કલેક્ટર સત્તાવાળાઓને જાણ કરી છેપ! એક પત્રકાર દ્વારા વડાપ્રધાનના સગાભાઈ સામે આવા ગંભીર આરોપોના કારણે મિડિયા જગતમાં અને માહિતી ખાતામાં ભારે હલચલ અને સનસનાટી મચી ગઇ છે.

ફરિયાદ કરનાર પત્રકાર ગોરાંગ પંડ્યાએ કહ્યું કે તેમણે માહિતી ખાતામાં ચાલતા વ્યાપક ભ્રષ્ટાચાર અને ખાસ કરીને સરકારી જાહેરખબરો આપવામાં ચાલતી ગેરરીતિ અને લેતીદેતી અંગેની માહિતી આરટીઆઇ દ્વારા માંગી છે. તેમની આ આરટીઆઇની જાણ કાલરિયા અને મોદીને થઈ ગઇ છે. તેથી તેમને એવી બીક અને શંકા પણ છે કે ઉચ્ચ સ્થાને બિરાજમાન આ બે સત્તાધીશો પોતાની પોલંમપોલ બહાર ના આવે તે માટે અને તેઓ આરટીઆઇ પાછી ખોંચી લે તે માટે તેના પર દબાણ લાવવા કોઇપણ હદે જઇ શકે છે. તેમણે ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે કે કાલરિયા અને વડાપ્રધાનના સગા ભાઈના કહેવાથી પોલીસ તેમની સામે દારૂ-જુગાર કે ચરસ ગાંજાનો નાર્કોટીક્સનો ખોટો કેસ કરીને તેમને હેરાન કરી શકે છે. તેમના પર દબાણ લાવવા સ્કૂલે જતાં તેમના બાળકોનું અપહરણ કરાવી શકે છે, બજારમાં શાકભાજી વગેરે. લેવા જતા તેમના પતનીને પણ કોઇપણ રીતે હાનિ પહોંચાડી શકે છે. તેમને કોઇ માર્ગ અકસ્માતમાં મારી શકે છે અને તેમની સામે કાંઇપણ કરીને તેમનું મોઢું બંધ કરવા કોઇપણ હદે જઇ શકે છે ત્યારે તેમને કે તેમના પરિવારના કોઇ સભ્યને જરા પણ હાનિ પહોંચે તો તે માટે કાલરિયા અને વડાપ્રધાનના સગા ભાઇ પંકજ મોદીને જવાબદાર ગણીને તેમની સામે યોગ્ય પગલા ભરવાના રહેશે. પોતાના આ નિવેદન કે રજૂઆતને પોતાનું ડાઈંગ ડિકલેરેશન એટલે કે મરણોપરાંત કાનૂની નિવેદન માનીને જો તેમને કે તેમના પરિવારમાંથી કોઈને પણ કાંઇ કોઇ અમંગળ બનાવ બન્યો તો તે માટે કાલરિયા અને પંકજ મોદી જ જવાબદાર હશે એમ માનીને તેમની સામે કાયદેસરના પગલા ભરવાની માંગણી કરી છે.

તેમણે કહ્યું કે મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા તેમની આ અરજીના જવાબની જે નકલ તેમને મોકલવામાં આવી છે તેમાં સરકારે ગાંધીનગર પોલીસ અધિક્ષક અને જિલ્લા કલેક્ટરને એમ કહ્યું છે અરજદાર એટલે કે હું, ગોરાંગ પંડ્યા આત્મવિલોપન કરવા માંગુ છું તેથી મને સમજાવવાનો અને મારી સામે અન્ય પગલા લેવાની જાણ જે તે સત્તાવાળાઓને કરી છેપ! વાસ્તવમાં તેમણે આત્મ વિલોપનની કોઇ ધમકી આપી જ નથી. તેમણે સરકારને એવી જાણ કરી કે કાલ ઉઠીને તેમને કે તેમના પરિવારને કાંઇ થાય તો તે માટે જવાબદાર તરીકે કાલરિયા અને પંકજ મોદીને જ જવાબદાર ગણીને તેમની સામે કાયદાકીય પગલા લેવાવા જોઇએ. તેના બદલે હું આત્મવિલોપન કરવા માંગુ છુ એમ કહીને મારી સામે પગલા ભરવા અને કાલરિયા તથછા વડાપ્રધાનના ભાઇને બચાવવાનો પ્રયાસ કર્યો છે તે યોગ્ય નથી.

ગિરનાર રોપ-વેનું કામ પૂરજોશમાં: સામાન પહોંચાડવા હેલિકોપ્ટરની મંગાવાયુ

ગિરનાર

એશિયાના સૌથી મોટા ગિરનાર રોપવેનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે આજથી શિખર ઉપર સામાન પહોચડવા હેલિકોપ્ટર મંગાવવામાં આવ્યું છે. ગરવા ગિરનારની ગોદમાં આકાર લઈ રહેલ એશિયાનો સૌથી મોટા રોપવેનું કામ ચાલી રહ્યું છે ત્યારે આગામી એપ્રિલ માસ સુધીમાં રોપવેની કામગીરી પૂર્ણ થાય તે માટે કામગીરી જોરસોરથી ચાલી રહી છે. જેમાં અંબાજી મંદિર સુધી સામાન પહોચડવા ખાસ હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી છે. આજથી આ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેના માટે ૧૦૦ જેટલા ઉષા બ્રેકોના કર્મચારીઓ કામે લાગ્યા છે. આ હેલિકોપ્ટર મારફત રોપવેનો માલસામાન લઈ જવાશે. આગામી પાંચ થી છ દિવસ સુધી હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવશે.

ખાસ કરીને રોપવેની કામગીરી નિરીક્ષણ કરવા જુનાગઢ મહાનગરપાલિકાના ડે મેયર ગિરીશ કોટેશા આવી પહોચ્યા હતા અને ઉષા બ્રેકોના વાઈસ ચેરમેન સાથે વાતચીત કરી માહિતી મેળવી હતી. આ ઉપરાંત આ રોપવેનું ફાઉન્ડેશનનું નિરીક્ષણ કરવામાં આવ્યું. અને માલવાહક રોપવે માટે શું તકેદારી રાખી છે તે અંગે પણ જાણકારી મેળવી હતી.

આ હેલોકોપ્ટરની ક્ષમતા ૨ ટન સામાન ઊચકવાની છે. પાંચ દિવસ દરમ્યાન જે માલવાહક રોપવે બનાવવાનો છે તેનો સામાન ઉપર સુધી પહોચડવા આ હેલિકોપ્ટરની મદદ લેવામાં આવશે. અને આજે પ્રથમ વખત ઉડાન ભર્યું ત્યારે પવનની તેજગતિના કારણે માલ ઉપડવામાં થોડી મુશ્કેલી પડી હતી અને પવનની ગતિ ધીમી પડ્યા બાદ સામાન ઉપર પહોચડવો શક્ય બનસે આજે ઉષા બ્રેકોના અધિકારીઓ પણ જુનાગઢ આવી પહોચ્યા હતા અને કામગીરી સલમાત રીતે પૂર્ણ થાય તે જરૂરી હોવાનું અધિકારી એ જણાવ્યુ હતું.

પ્રિંયાગરાજ કુંભમાં દુર્ઘટનાઃ સંગમમાં હોડી પલટી, હોડીમાં સવાર નવ લોકો સુરક્ષિત

પ્રયાગરાજ

મૌની અમાસ સ્નાનને સકુશળ સંપન્ન કરવાની તૈયારીમાં લાગેલા પ્રયાગરાજ કુંભ મેળા પ્રશાસને આજે મોટી દુર્ઘટનાને ટાળી દીધી. અહીં કિલા ઘાટથી જતા સમયે સંગમ પાસે એક હોડી પોતાનું સંતુલન ખોરવીને પલટી ગઈ. હોડીમાં સવાર નવ લોકો પડી ગયા હતા.

ત્યાર બાદ તરત એક્શનમાં આવેલી PAC ઉપરાંત પોલીસના તરવૈયાઓએ બધાને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે બોટ એમ્બ્યુલન્સ દ્વારા મેળાના પરિસરની કુંભનગરની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. આ હોડીમાં ૧૨ લોકો સવાર હતા. એક મહિલા અને પુરુષ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાના કારણે તેમને મેળાના કેન્દ્રીય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હવે દ્રઢઈચ્છની ટીમ તે હોડીની શોધમાં લાગી છે.

પોલીસે જણાવ્યું કે સંગમમાં હોડી ડૂબવાની સૂચના ખોટી છે. સંગમ નોજ પર હોડી ઊભી હતી. જેમાં લગભગ ૧૦-૧૨ શ્રદ્ધાળુઓ સ્નાન કરવા આવ્યા હતા. તેમાંથી એક મહિલા શ્રદ્ધાળુ એક હોડીમાંથી બીજી હોડીમાં જવા લાગી તો તેનો પગ લપસી ગયો અને તેમને નીચેથી નીકાળવા માટે હોડીમાં બેઠેલા અન્ય લોકો પણ એક તરફ નમી ગયા.

તમે વિપક્ષમાં રહીને જે કામ કર્યા તે ભાજપમાં નહીં કરી શકોઃ રેશ્મા પટેલ

આશા પટેલના રાજીનામાં અંગે રેશ્મા પટેલની પ્રતિક્રિયા સામે આવી છે. રેશ્મા પટેલે આશાબેનને કહ્યું કે, તાનાશાહોની પાર્ટીમાં જોડાવા ઈચ્છતા હોય તો રોકાઈ જજો. જો તમે ભાજપની જીહજૂરી કરવા માંગતા હોય તો જ પાર્ટીમાં જોડાજો. તમે અત્યાર સુધી વિપક્ષમાં રહીને જે કામ કરી શકશો એ ભાજપમાં નહીં કરી શકો. આશાબેન તમારી આશા પર પાણી ફરશે. ભાજપના ધારાસભ્યની હાલત તો કહેવાતુ નથી અને સહેવાતુ નથી તેવી છે. માટે જે પણ કરો વિચારીને કરજો.

ચોટીલામાં કોળી સમાજના મહાસંમેલનને વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સથી સંબોધિત કર્યુ

કોળી દેશની પ્રાચીન સમયની જાતિ,એમની એકતા જ એમની તાકાતઃ વડાપ્રધાન

સાંગણી

ચોટીલાના સાંગણીમાં કોળી સમાજનું મહાસમંલેન યોજવામાં આવ્યું. આ સમેલનમાં પૂરા ગુજરાતમાંથી મોટી સંખ્યામાં કોળી સમાજના લોકો જોડાયા હતા. આ મહાસંમેલનમાં કોળી સમાજના નેતા અને જસદણ વિધાનસભા બેઠકના વિજેતા ધારાસભ્ય કુંવરજી બાવળીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સંમેલન કુંવરજી બાવળીયાની આગેવાનીમાં યોજવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના સીએમ વિજય રૂપાણી સહિત રાજયના તમામ બીજેપીના મોટા નેતાઓ હાજર રહ્યા હતા. મહત્વની વાત એ છે કે, કોળી સમાજના મહાસંમેલનને પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સથી સંબોધીત કર્યું હતું. પીએમ મોદીએ કોળી સમાજના લોકોને સંબોધીત કરતા કહ્યું કે, માત્ર સૌરાષ્ટ્રમાં જ નહી પુરા દેશમાં કોળી સમાજની વસ્તી મોટા પ્રમાણમાં છે. જેમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક અને ગુજરાતના ઘણા એવા રાજ્યોમાં કોળી સમાજની બોલબાલા છે. કોળી સમાજ પોતાની મહેનતના કારણે ઓળખાય છે. પીએમ મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસે કોળી સમાજનો માત્ર વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો. કોળી સમાજમાં સૌથી વધારે મને ગમતું હોય તો તેમની એકતા, જે મને આજે આટલી મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિથી જોવા મળી રહી છે, જે સમાજની સૌથી મોટી તાકાત છે. આ સમાજમાં હંમેશા વિકાસની ભૂખ જોવા મળી છે, જે તેમણે પોતાની મહેનતથી કરી પણ બતાવી છે. જોકે, સમાજ માટે શિક્ષણ ક્ષેત્રે ઘણુ કામ કરવાનું છે. તેમણે એક વાત યાદ કરતા કહ્યું કે, હું જવાનોને સરહદ પર મળવા ગયો હતો, ત્યારે મને બોર્ડર પર એક કોળી સમાજનો યુવક મળી ગયો હતો, કોળી સમાજનો લોકો શરીરથી પડખમ હોય છે, જે સૈનિક તરીકે ખુબ આગળ વધે છે.

કકળાટનું ઘર છે કોંગ્રેસ,રાહુલ ગાંધીનું નેતૃત્વ નિષ્ફળઃ વાઘાણી

ગાંધીનગર

કોંગ્રેસના ધારાસભ્ય આશાબેન પટેલે રાજીનામું આપ્યા બાદ ભાજપમાંથી પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીનું નિવેદન સામે આવી રહ્યું છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ કકળાટનું ઘર છે. કોંગ્રેસ માત્ર સત્તાની સાંઠમારીમાં પડી છે. અમે સવર્ણોમાટે ૧૦ ટકા આર્થિક અનામતની જોગવાઈ કરી હોવા છતાં તેની હજી ખોટ દેખાઈ રહી છે. તેઓ સમયાંતરે પાટીદાર સમાજને ઉશ્કેરવાના પ્રયાસ કર્યા છે.

આ સિવાય જીતુ વાઘાણીએ કહ્યું કે, જેમ આશાબેને રાહુલના નેતૃત્વ પર સવાલ ઉઠાવ્યા છે, તેમ કોંગ્રેસના પૂર્વ સ્ન્છએ પણ રાહુલ ગાંધી પર સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસ પ્રપંચ, લાલચ અને લોભ આપીને રાજનીતિ કરે છે. જેમને પ્રજા માટે કામ કરવું છે તેમને રાજ્યમાં ખુલ્લો અવકાશ છે. પરંતુ કોંગ્રેસ માત્ર રોડા નાંખીને અવરોધો ઉભા કરી રહી છે.

ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ આશાબેન પટેલ માટે જણાવ્યું હતું કે, આશાબેન પટેલ મહેસાણા સિવાય અન્ય પાટીદારોના અગ્રણી નેતા છે.

વાડ્રાએ પટિયાલા હાઉસ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી

મની લોન્ડરિંગ કેસઃ રોબર્ટ વાડ્રાની ધરપકડ પર કોર્ટનો ૧૬ ફેબ્રુ. સુધી સ્ટે

ન્યુ દિલ્હી

કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધીના પતિ અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના બનેવી રોબર્ટ વાડ્રાની ધરપકડ પર કોર્ટે ૧૬ ફેબ્રુઆરી સુધી રોક લગાવી છે.

તેની સાથે સાથે રોબર્ટ વાડ્રાના વકીલ કે ટી એસ તુલસીએ કોર્ટને આશ્વાસન આપ્યુ હતુ કે મારા અસીલ ઈડીની જે તપાસ ચાલી રહી છે તેમાં સહયોગ કરશે.વાડ્રા ઈડી સમક્ષ ૬ ફેબ્રુઆરીએ પૂછપરછ માટે હાજર થશે.

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાએ મની લોન્ડરિંગના મામલામાં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકી છે હતી. આ મામલો વાડ્રાના નિકટના સુનીલ અરોડા સાથે જોડાયેલો છે.જેમાં વાડ્રાને પણ પોતાની ધરપકડ થાય તેવુ લાગતુ હોવાથી આગોતરા જામીન અરજી મુકીને બચવાનો પ્રયાસ કર્યો છે.

સુનિલ સામે અગાઉ ઈડી દ્વારા કેસ દાખલ કરાયો છે.જેમાં તેને કોર્ટ દ્વારા ૬ ફેબ્રુઆરી સુધી ધરપકડ સામે રાહત મળી છે.આ મામલો લંડનમાં બ્રાયનસ્ટર સ્કેવરમાં આવેલી ૧૯ લાખ પાઉન્ડ એટલે કે ૧૭ કરોડ રુપિયાની પ્રોપર્ટી સાથે સંકળાયેલો છે. ઈડીનો દાવો છે કે આ સંપત્તિના અસલી માલિક રોબર્ટ વાડ્રા છે.ભાગેડુ ડિફેન્સ ડિલર સંજય ભંડારીએ આ ફ્લેટ ખરીદ્યો હતો.ભંડારીએ આ ફ્લેટનુ વેચાણ વાડ્રાના નિયંત્રણની કંપનીને કરી દીધુ હતુ.

બિહારમાં છેલ્લા ચોવીસ કલાકમાં ત્રણ હત્યા

બિહારમાં આરજેડીના પૂર્વ સાંસદ શહાબુદ્દીનના ભત્રીજાની ગોળી મારી હત્યા

પટના

બિહારના સીવાન શહેરમાં શુક્રવારે મોડી રાત્રે ગુનેગારોએ ગેંગસ્ટર અને આરજેડીના પૂર્વ સાંસદ શહાબુદ્દીનના ભત્રીજા યુસૂફની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. યુસૂફની હત્યા બાદ સમગ્ર વિસ્તારમાં દોડધામ થઈ ગઈ હતી. યુસૂફને ખૂબ જ નજીકથી ગોળી મારવામાં આવી છે. યુસૂફને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ છાતીના ભાગમાં ગોળી વાગી હોવાથી હોસ્પિટલ પહોંચતા જ ડોક્ટર્સે તેને મૃત જાહેર કર્યો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં ત્રણ હત્યા થઈ હતી.

યુસૂફની હત્યાની જાણ થતા જ મોટી સંખ્યામાં લોકોએ હોસ્પિટલ પહોંચીને હોબાળો મચાવ્યો હતો. જો કે, પોલીસે થોડી જ વારમાં તમામ લોકોને નિયંત્રિત કરી દીધી હતા. પરંતુ જોત-જોતામાં હોસ્પિટલની આસપાસ લોકોનો ઘસારો વધતા હોસ્પિટલની ફરતે મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓને ખડેપગે રાખ્યા હતા. જો કે, હજી સુધી હત્યા કરવાનું કારણ જાણવા મળ્યું નથી. આરોપીઓની ધરપકડ કરવા માટે પોલીસ ઠેર-ઠેર છાપા મારી રહી છે.











પ્લીઝ, એક ગ્લાસ પાણી આપોને! કહેતાં શરમાવું નહીં

જિંદગી ખૂબસુરત ત્યાર જ બને છે, જ્યારે આપણે સ્વાસ્થ્ય એકદમ તંદુરસ્ત હોય. સ્વાસ્થ્ય તંદુરસ્ત રાખવા માટે કાળજી સ્વયં રાખવી પડે છે. શરીરને તંદુરસ્ત રાખવા માટે પાણીની ભૂમિકા મહત્વની છે. માનવ-શરીરમાં પાણીની માત્રા ૫૦-૬૦ ટકા હોય છે. પાણી શરીરના અંગોની રક્ષા કરે છે. સાથે જ કોશિકાઓ સુધી પોષક તત્વ અને ઓક્સિજન પહોંચાડવાનું કામ કરે છે. સારી તબિયત માટે યોગ્ય માત્રામાં પાણી પીવું જરુરી છે. પાણીના ફાયદા આ પ્રમાણે છે :

(૧) તમારી બોડીને સ્લીમ રાખવી હોય અથવા તો વજન ઓછું કરવા ઈચ્છતા હો તો પાણી મદદરુપ થઈ શકે છે. વધુ કેલેરી ધરાવતા ડ્રિંકની જગ્યાએ પાણી ફાયદારુપ રહેશે. સાથે જ ભોજન લેતાં પહેલા એક ગ્લાસ પાણી પીવાથી પેટ જલદી ભરાઈ જાય છે. ઉપરાંત યોગ્ય માત્રામાં પાણી પીવાથી મેટાબોલિજમ પણ મજબૂત થાય છે.

(૨) એનર્જી - જો તમને થકાન કે કમજોરી અનુભવાય તો તમારા માટે પાણી લાભકારી રહેશે. શરીરમાં ડીહાઈડ્રેશન થવાથી પણ થાક અનુભવાય છે. એટલે યોગ્ય માત્રામાં પાણી પીવું ખૂબ જ જરુરી છે. ઉપરાંત સમયાંતરે પાણી પીવાથી શરીરમાં સારી રીતે બ્લડ સર્ક્યુલેશન થાય છે. સાથે શરીરના કોષમાં સારી રીતે ઓક્સિજન અને અન્ય ન્યૂટ્રિએન્ટ્સ પહોંચે છે.

(૩) પાણી પીવાથી તનામ ઓછો થાય છે. મસ્તિષ્કના લગભગ ૭૦ થી ૮૦ ટકા ટીશ્યૂ પાણીના બનેલા છે. ડીહાઈડ્રેશન થવાને કારણે શરીરની સાથે મસ્તિષ્ક પણ તનાવ અનુભવે છે. એટલા માટે સમયાંતરે પાણી પીવું જરુરી છે.

(૪) માંસપેશીઓ માટે પાણી જુરરી છે. પાણી પીવાથી માંસપેશીઓમાં ખેંચ અને જોઈન્ટના દર્દની સમસ્યા ઓછી થઈ જાય છે. જ્યારે શરીર હાઈડ્રેટેડ હોય છે, ત્યારે તમે સારી રીતે લાંબા સમય સુધી કસરત કરી શકો છે.

(૫) ત્વચા માટે પાણી ફાયદાકાર છે. ઓછું પાણી પીવાથી ત્વચાની શાઈનિંગ ઓછી થવા માંડે છે. જ્યારે યોગ્ય માત્રામાં પાણી પીવાથી ત્વચાના કોષ હાઈડ્રેટેડ રહે છે. જેના કારણે ચહેરા પર લાંબા સમય સુધી 'ગ્લો' જળવાઈ રહે છે. આ સિવાય પાણી પીવાથી શરીરમાં બ્લડ સર્ક્યુલેશન યોગ્ય રીતે થાય છે, એટલે ચહેરો પર નિખાર જળવાઈ રહે છે.

(૬) યોગ્ય માત્રામાં પાણી પીવાથી પાચનક્રિયા સારી રીતે થાય છે. પાણી શરીરમાંથી ગંદકી બહાર કાઢવામાં મદદરુપ થાય છે. ઓછું પાણી પીવાય તો પાચનક્રિયા અવરોધાય છે,જે અનેક રોગને જન્મ આપે છે.

(૭) કિડનીમાં પથરીની સમસ્યા સતત વધી રહી છે. બાળકોમાં પણ કીડનીમાં પથરી જોવા મળે છે. એનું કારણ એ છે કે યોગ્ય માત્રામાં પાણી ન પીવું. શરીરમાં જે સોલ્ટ અને મિનિરલ્સ પથરી બનાવે છે, પાણી એ સોલ્ટ અને મિનિરલ્સને યૂરિનમાં ઓગાળી નાખે છે. આમ, યોગ્ય માત્રામાં પાણી પીવાથી પથરી થવાનો ખતરો ઓછો થઈ જાય છે.

(૮) તંદુરસ્તી માટે પાણી ખૂબ જરુરી છે. તમારે દિવસમાં કેટલું પાણી પીવું જોઈએ એ તમારા શરીરનું કદ, રોજિંદી એક્ટિવિટી, મોસમ અને તમારી તબિયત પર નિર્ભર છે. સામાન્ય રીતે એક દિવસમાં ૮ થી ૧૦ ગ્લાસ પાણી પીવું જોઈએ, આ તારણ મેડિકલ સાયન્સનું છે.

(૯) પાણી તમારા શરીરના તાપમાનને પણ નિયંત્રિત કરે છે. પરંતુ તમને ખબર જ હશે કે સવાર ઉઠીને ખાલી પેટે પાણી પીવાના અનેક ફાયદા છે. જાપાની મેડિકલ સોસાયટી અનુસાર, ખાલી પેટે સવારે પાણી પીવાથી માથાનો દુખાવો, શરીરનો દુખાવો, હૃદયની બિમારી, તેજ હૃદય ગતિ, એપિલેપ્સી, મોટાપો, અસ્થમા, ટીબી, કિડની, યૂરિનની બિમારી, ઉલટી, ગેસ, ડાયાબિટીઝ, ડાયરિયા, પાઈલ્સ, કબજિયાત, કેન્સર, આંખ, નાક અને ગળાની બિમારીના ઈલાજમાં મદદ મળે છે.

(૧૦) સમયાંતરે પાણી પીવાની આદત તમારા વ્યક્તિત્વમાં નીખાર લાવે છે. રોમેન્ટિક બનાવે છે. જિંદગી ખુબસૂરત બનાવે છે અને સૌને પ્રિય થવાય છે. પ્લીઝ, એક ગ્લાસ પાણી આપોને ! આમ કહી દેતાં શરમાવું નહીં.

આંખની કોશિકાઓ આસપાસના પ્રકાશને પારખીને તે રીતે પ્રતિક્રિયા આપે છે અને આપણી બોડી ક્લોક (કર્કાડિયન રિધમ તરીકે ઓળખવામાં આવતી શારિરીક પ્રક્રિયાનું નિયમિત ચક્ર)ને ફરીથી સેટ કરે છે. આ કોશિકાઓ મોડી રાતે કૃત્રિમ પ્રકાશના સંપર્કમાં આવે છે ત્યારે આપણા આંતરિક સમય ચક્રને પ્રભાવિત કરે છે.



મોડી રાત સુધી સ્માર્ટ ફોનનો ઉપયોગ ગંભીર બીમારીઓને નોતરે છે

સ્માર્ટફોન અને કોમ્પ્યુટરનો કૃત્રિમ પ્રકાશ આપણી ઊંઘ કેવી રીતે ખરાબ કરે છે, તે અંગેની શોધ કરવામાં વૈજ્ઞાનિકોને સફળતા પ્રાપ્ત થઈ છે. વૈજ્ઞાનિકોની આ શોધથી માઈગ્રેન, અનિદ્રા, જેટ લૈગ અને કર્કાડિયન રિધમ વિકારોના નવા ઉપચારોમાં મદદ મળશે.

અમેરિકાની સાલ્ક ઈન્સ્ટીટ્યુટના વૈજ્ઞાનિકોએ શોધમાં એ વાતનો ખુલાસો મેળવ્યો હતો કે, આંખની કોશિકાઓ આસપાસના પ્રકાશને પારખીને તે રીતે પ્રતિક્રિયા આપે છે અને આપણી બોડી ક્લોક (કર્કાડિયન રિધમ તરીકે ઓળખવામાં આવતી શારિરીક પ્રક્રિયાનું નિયમિત ચક્ર)ને ફરીથી સેટ કરે છે. આ કોશિકાઓ મોડી રાતે કૃત્રિમ પ્રકાશના સંપર્કમાં આવે છે ત્યારે આપણા આંતરિક સમય ચક્રને પ્રભાવિત કરે છે. જેના પરિણામે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓનો ઉદભવ થાય છે.

વૈજ્ઞાનિકોની માહિતી મુજબ તેમની શોધના પરિણામોની મદદથી માઈગ્રેન, અનિદ્રા, જેટ લૈગ(વિમાન મુસાફરીથી લાગેલ થાક અને તે પછી રાત દિવસના અંતરની ઓળખ ન કરી શકવાની સમસ્યા) અને કર્કાડિયન રિધમ વિકારો જેવી ગંભીર સમસ્યાઓના નવા ઉપચારો શોધવામાં મદદરૂપ થશે.

નોંધનીય છે કે, આ વિકારોને કેન્સર, મેદસ્વીતા, ઈન્સુલિન પ્રતિરોધ, પાચન પ્રક્રિયાની અનિયમિતતા અને અન્ય બીમારીઓના કારણ સાથે જોડવામાં આવે છે.


સોફ્ટ ડ્રીંક્સ પીવાથી કિડનીની ગંભીર બિમારી થવાની દહેશત


માનવના શરીર માટે કિડની મહત્વનું અંગ છે. કિડનીની બિમારીને લઈને એક મહત્વનું સંશોધન આવ્યું છે. જે લોકો સોફ્ટ ડ્રિન્ક પીવાના શોખીનો છે, એમને ચેતવાની જરુરત છે. કેમ કે સોફ્ટ ડ્રીન્ક પીવાથી કિડની જેવી ગંભીર બિમારી થઈ શકે છે.

અમેરિકન સોસાયટી ઓફ નેફ્રોલોજીની ક્લિનકલ જર્નલમાં આ સંદર્ભે એક સંશોધિત લેખ પ્રકાશિત થયો છે. આ લેખમાં ખાંડ મિશ્રિત ઠંડા પીણા અર્થાત સોફ્ટ ડ્રિન્ક પીવાથી સ્વાસ્થ્ય પર થતી નકારાત્મક અસર તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે.

કેટલાક પીણા પીવાથી કિડની પર પ્રતિકૂળ અસર થઈ શકે છે. જોકે, આ સ્ટડીના પરિણામો અસંગત છે. આ અંગેનું સંશોધન અમેરિકાની જોન્સ હોપકિન્સ બ્લૂમબર્ગ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ દ્વારા રાબેતા મુજબની કિડની પ્રક્રિયા ધરાવતા ૩૦૦૩ આફ્રિકન-અમેરિકન પુરુષો અને મહિલાઓ પર આ અભ્યાસ કરાયો હતો.

જોન્સ હોપકિન્સ બ્લૂમબર્ગ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના સંશોધક કેસી રેબહોલ્ઝે જણાવ્યું છે કે, ફૂડ સપ્લાયમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના પીણાંની સ્વાસ્થ્ય પર અસરની વ્યાપક માહિતીનો અભાવ જણાય છે. આ સંશોધકોએ ૨૦૦૦-૦૪થી શરુ કરીને ૨૦૦૯-૧૩ સુધી ઠંડા પીણા પીવાની માહિતીનો ઉપયોગ આ સંશોધનમાં કર્યો હતો.





હાઈબ્લડપ્રેશરમાં શરુઆતની સ્થિતિને 'યોગ' દ્વારા સામાન્ય કરી શકાય છે

ભારતની પ્રાચીન વિરાસત 'યોગ'ના ફાયદા સમગ્ર વિશ્વએ માન્યા છે. તાજેતરમાં દિલ્હીની એક હોસ્પિટલમાં કરાયેલ અભ્યાસમાં પૂરવાર થયું છે કે, યોગ હાઇ બ્લડપ્રેશરની સ્થિતિને પણ સામાન્ય સ્તર પર લાવી શકે છે.

આ અભ્યાસ દિલ્હીના સર ગંગારામ હોસ્પિટલના ન્યૂરોફિઝિઓલાજી વિભાગના શોધકર્તાઓએ કર્યો હતો. હોસ્પિટલે આપેલ માહિતી મુજબ, શરુઆતના હાઇ બ્લડપ્રેશરથી પીડિત ૧૨૦ રોગીઓ પર યોગની અસરને જાણવા માટે આ અભ્યાસ કરવામાં આવ્યો હતો. સંસ્થાએ રોગીઓને બે સમૂહમાં વહેંચ્યા હતા. પહેલા સમૂહને નિયમિત રીતે યોગ કરાવવામાં આવ્યા, જ્યારે બીજા સમૂહને સામાન્ય વ્યાયામ સાથે ખોરાકની પ્રણાલીમાં સુધાર અને ધુમ્રપાનથી દૂર રાખવામાં આવ્યા હતા.

૬ મહિના સુધી કરેલ આ અભ્યાસમાં નોંધવામાં આવ્યું કે, રોગીઓને ૨૪ કલાક અને તેમાં પણ ખાસ કરીને રાત્રિના સમયે ડાયસ્ટોલિક બ્લડપ્રેશર તથા ધમની પર દબાણની સ્થિતિમાં બીજા વ્યાયામ કરતા રોગીઓની તુલનામાં યોગ કરતા રોગીઓના બ્લડપ્રેશરમાં જલ્દીથી સુધારો આવ્યો હતો.

અભ્યાસના રિપોર્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, યોગ કરવાથી પ્રી-હાઇપરટેન્શનના શિકાર બનેલા લોકોમાં બ્લડપ્રેશર ઝડપીથી સામાન્ય સ્થિતિમાં આવે છે.

હોસ્પિટલના ન્યૂરોફિઝિઓલોજી વિભાગના અધ્યક્ષ એમ ગોરી દેવી મુજબ હાઇ બ્લડપ્રેશર સમગ્ર વિશ્વમાં એક મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યા છે અને દરેક પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિ આ રોગનો શિકાર બને છે. હાઇ બ્લડપ્રેશરના રોગીઓની સંખ્યામાં વર્ષ ૨૦૨૫ સુધી ૨૯.૨ ટકા વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

દેવી મુજબ હાઇબ્લડપ્રેશર ક્લિનિકલ હાઇ બ્લડપ્રેશરથી પહેલાની સ્થિતિ છે અને આનો સંબધ હદય તથા મસ્તિષ્ક સાથે સંબધિત રોગોની વધતી ઘટનાઓ સાથે છે.

અભ્યાસ દરમિયાન રોગીઓને યોગ સાથે જોડાયેલ આસન, પ્રાણાયામ કરવા, આરામ કરવા અને ધ્યાન ધરવા માટે કહેવામાં આવ્યું હતું.

વિશ્વસ્તરે કુલ મલેરિયાના કેસોમાંથી ૮૦ ટકા કેસો ભારત સહિત અન્ય ૧૫ દેશોમાં થાય છે: WHO

વિશ્વસ્તરે કાર્યરત ડબલ્યુએચઓ **(Wrold Health Organisation)**ના એક રિપોર્ટ મુજબ ૨૦૧૭માં દુનિયામાં કુલ મલેરિયાના કેસોમાંથી ૮૦ ટકા કેસો ભારત અને ૧૫ ઉપ આફ્રિકાના દેશોમાં થયા હતા. રિપોર્ટમાં એ વાતનો ખુલાસો કરવામાં આવ્યો હતો કે, આગામી સમય દરમિયાન ભારતમાં ૧.૨૫ અબજ લોકો મલેરિયાની ઝપેટમાં આવશે.

ડબલ્યુએચઓના રિપોર્ટમાં ભારત માટે એક ખાસ અને હકારાત્મક વાત કરવામાં આવી હતી. જે મુજબ વર્ષ ૨૦૧૬ની સરખામણીએ ૨૦૧૭માં મલેરિયાના કુલ કેસોમાં નોંધનીય ઘટાડો કરવામાં ભારત મોખરે છે. રિપોર્ટ મુજબ દુનિયાભરના મલેરિયાના કેસો કરતાં અડધા કેસો પાંચ દેશો નાઈજીરિયા (૨૫ ટકા), કાંગો લોકતાત્રિંક ગણરાજ્ય (૧૧ ટકા), મોજામ્બિક (૫ ટકા) અને ભારત તથા યુગાન્ડામાં (૪ ટકા)નોંધવામાં આવ્યા હતા.

ડબલ્યુએચઓએ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ભારત એ દેશોમાં છે જેણે મલેરિયાની સારવારમાં અસફળતાના ઉંચા પ્રમાણની તપાસ કરી, પોતાની સારવાર નીતિઓમાં ફેરફાર કર્યો. ભારત અને ઈન્ડોનેશિયા વર્ષ ૨૦૨૦ સુધી મલેરિયાના કેસોમાં ૨૦થી ૪૦ ટકા ઘટાડો લાવશે. નોંધનીય છે કે, મલેરિયાથી દુનિયાભરમાં દર વર્ષે ૬,૬૦,૦૦૦ લોકોના મોત થાય છે.





યુવક બોડી બનાવાના શોખમાં ઘોડાને અપાતા ઈન્જેક્શનો લેવા લાગ્યો

આજકાલના યુવાનો ફિલ્મ જગતથી પ્રેરાઈને પોતાની જાતને નુકસાન પહોચાડવાના કિસ્સાઓ અવાર-નવાર આવતા રહે છે, આવો જ એક કિસ્સો રાજધાની દિલ્હીમાં બન્યો હતો. જેમાં એક યુવકે બોડી બનાવાના ચક્કરમાં એવી દવાઓનો ઉપયોગ કરવા લાગ્યો હતો જેને સામાન્ય રીતે ઘોડાઓ માટે વાપરવામાં આવે છે.

દિલ્હીના નજફગઢમાં રેહતા ૨૧ વર્ષીય યુવકને બોડી બનાવાનું એવુ ભૂત સવાર હતું કે તેણે બોડી બનાવા માટે કોચે આપેલી સલાહને જાણ્યા સમજ્યા વગર જ અમલમાં મુકી હતી. પરંતુ તે પછીના ગંભીર પરિણામોએ તેની જિંદગી વેડફી નાંખી. બોડી બિલ્ડીંગના શોખીન યુવકને તેના કોચે **AMP5** કમ્પાઉન્ડ લેવાની સલાહ આપી હતી, જે આખો દિવસ કામ કરતા ઘોડાઓને આપવામાં આવે છે. આ ડ્રગ ખાસ કેસોમાં મનુષ્યોને પણ આપવામાં આવે છે પરંતુ તેને ઓરલ ફોર્મમાં ઈન્જેક્શન દ્વારા આપી શકાતી નથી.

AMP5 કમ્પાઉન્ડના ઉપયોગથી યુવક શરૂઆતમાં ખુશ હતો. તેણે તબીબોને જણાવ્યું કે તેના કોચે આ ડ્રગ લેવાની સલાહ આપી હતી જેથી તે વધારે કસરત કરી શકે. યુવક મુજબ દવાએ જાદુની જેમ કામ કર્યું હતું અને તેના સેવન પછી તે કલાકો સુધી કસરત કર્યા કરતો હતો.

શરૂઆતમાં એક મિલીલીટરનું સેવન કરતા તેનો ડોસ લગભગ ચાર ગણો કરી નાંખ્યો હતો. જેના પ્રતાપે યુવકે બોડી બિલ્ડીંગના કેટલાક એવોર્ડ પણ જીત્યા હતા.

યુવક સાથે બધુ ઠીક ચાલી રહ્યું હતું પરંતુ સમસ્યાઓ ત્યારે ઉદભવી જ્યારે તેણે આ દવાને છોડવાનો પ્રયત્ન કર્યો. તે પોતાના શિક્ષણ પણ ધ્યાન આપી ન શકતો હોવાથી બોડી બિલ્ડીંગ છોડવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ તે ડ્રગનો બંધાણી બની ચુક્યો હતો. જાત પ્રયત્નો કરતા તે આળસમાં રહેતો, સંપૂર્ણ દિવસ દરમિયાન ઊંઘતો રહેતો અને સ્વભાવે ચિડિયો બની ગયો હતો.

હાલમાં યુવકને સારવાર અર્થે માનસિક રોગીઓની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હોસ્પિટલના ચેરપર્સન રાજીવ મેહતાએ જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં યુવકો આ ડ્રગ લઇ રહ્યા છે. આ ડ્રગના પરિણામો સ્ટિરોઇડ કરતા પણ ગંભીર હોય છે. જે કિડની સાથે-સાથે શરીરના બીજા અંગોને પણ ભારે નુકસાન કરે છે.



સંબંધોમાં ઉત્સાહ પાછો મેળવવો હોય તો સેક્સ ડીટોક્સ અપનાવો

દામ્પત્ય જીવનમાં સેક્સને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે. શારીરિક જરૂરિયાત સાથે સંબંધમાં નિકટતા માટે સેક્સ ઉત્તમ રસ્તો ગણાય છે, પરંતુ સંબંધમાં જેમ સેક્સની ગેરહાજરી ચિંતાનો વિષય છે તેવી જ રીતે સેક્સનો અતિરેક પણ સંબંધો માટે ગંભીર સમસ્યા સમાન છે.

નિષ્ણાતોનું માનીએ તો માત્ર સિંગલ્સ જ નહી પરંતુ કપલ્સ પણ ઘણીવાર સેક્સમાંથી બ્રેક લેવાનું વિચારતા હોય છે, જેથી તેઓ પરસ્પર વધારે નિકટ આવી શકે. નિષ્ણાતો મુજબ સેક્સ ડીટોક્સ એટલે કે શારીરિક સંબંધોમાંથી થોડા સમય માટે લીધેલો વિરામ તમારા સંબંધો માટે ફાયદાકારક નીવડે છે.

સેક્સ ડીટોક્સના ફાયદા

દામ્પત્ય જીવન દરમિયાન પતિ-પત્ની એક સ્ટ્રોન્ગ સેક્સ્યુઅલ લાઈફ માટે ઉત્સુક હોવુ સ્વાભાવિક બાબત છે. પરંતુ શક્યતા એ પણ રહી છે કે કોઈ એક પાર્ટનર સેક્સ્યુઅલ સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યો હોય, તો આ આવા સમય દરમિયાન થેરોપિસ્ટ પણ સેક્સ ડીટોક્સ કરવાની સલાહ આપે છે. સેક્સમાંથી વિરામ લેવાથી તેના માટે થતી ચિંતા અને તણાવમાંથી મુક્તિ મળે છે.

નિષ્ણાતો મુજબ સેક્સ લાઈફમાં ગેપ આવવાથી બન્ને પાર્ટનર એકબીજાની ઝંખના કરવા લાગે છે જે પછી તેમની વચ્ચે ખોવાયેલ પેશન અને ઉત્સાહ પાછો આવી જાય છે.

સેક્સ ડીટોક્સ દ્વારા કપલને એટલો સમય મળી જાય છે કે તેઓ એકીબીજાની ભાવનાત્મક જરૂરિયાતોને સારી રીતે સમજવા લાગે છે, જે તેમની નિકટતા વધારવામાં ખૂબ જ ઉપયોગી બને છે.

વૃદ્ધ પુરુષો માટે ખૂબ ફાયદાકારક છે - સેક્સ

વિશ્વમાં સેક્સ અંગે અવનવી થિયરીની અનેક માન્યતાઓ છે. તાજેતરના એક અભ્યાસ લેખ થકી સાબિત થયું છે કે ઘરડાં પુરુષો સેક્શુઅલ એક્ટિવિટીમાં સામેલ થાય તો ઓવરોલ તેમની તબિયત માટે ફાયદાકારક સાબિત થાય છે. જ્યારે મહિલાઓની વાત કરીએ તો પાર્ટનર સાથે ઈમોશનલી ઘરોબો કેળવે તો એમને પણ વધુ ખુશી મળે છે.

આ અભ્યાસ થકી એ બાબત પણ બહાર આવી છે કે મોટી વયની મહિલાઓ ઈચ્છે છે કે સેક્સ દરમિયાન પાર્ટનર તેમની સાથે લાગણીથી સંકળાયેલ રહે, એને ચુંબન કરે અને પ્રેમ તેમજ હૂંફ આપે. જોકે, મહિલાઓની સેક્શુઅલ ઈન્ટરકોર્સમાં રસરુચિ ઓછી હોય છે. બીજી તરફ વૃદ્ધ પુરુષોની વાત કરીએ તો એમના માટે લાઈફની એન્જોયમેન્ટ સેક્સલાઈફમાં સંતુષ્ટિ અને કેટલી વખત ઈન્ટરકોર્સ કર્યુ હોવા પર નિર્ભર રહે છે.

સેક્શુઅલ મેડિસિન નામની જર્નલમાં પ્રકાશિત આ અભ્યાસ લેખનું તારણ એ દર્શાવે છે કે વૃદ્ધ પુરુષો માટે સેક્શુઅલ ઈન્ટરકોર્સ વધુ મહત્વ ધરાવે છે. જ્યારે મહિલાઓ માટે સેક્શુઅલ એક્ટિવિટીમાં સામેલ થવું એ જ એમના માટે એન્જોયમેન્ટનું માધ્યમ છે.

આ અભ્યાસ લેખમાં ટીમે ૬૦૮૯ વૃદ્ધોના ડેટા એકત્ર કર્યા હતા. આ તમામની સરેરાશ ઉંમર ૬૫ વર્ષની હતી.





'વુમન ઓન ટોપ પોઝિશન' તમારી સેક્સ લાઈફના રોમાંચને બદલી નાંખશે

જ્યારે વાત સેક્સ પોઝિશનની આવે છે, ત્યારે મિશનરી પોઝિશનને સૌથી બેસ્ટ માનવામાં આવે છે. જે દરમિયાન ફીમેલ પાર્ટનર નીચે હોય છે અને મેલ પાર્ટનરના હાથોમાં સંપૂર્ણ કંટ્રોલ હોય છે. આવું એટલા માટે હોય છે, કારણ કે પુરુષો ઇચ્છતા હોય છે કે, જીવનકાળ દરમિયાન જ નહી પરંતુ સેક્સ માણવામાં પણ બધું જ તેમના અંકુશમાં રહે.

મોટાભાગના કેસોમાં એવું પણ થાય છે કે, ફીમેલ પાર્ટનર સેક્સ મામલે ઇનિશિએટિવ નથી લેતી અને ઇચ્છતી હોય છે કે તેમનો પાર્ટનર જ પરફોર્મ કરે અને તેઓ માત્ર સૂતા રહે. જો તમે પણ આ લોકોમાં સામેલ છો તો, જણાવી દઇએ કે તમે પોતાની જાતને સેક્સના સૌથી સુખદ અનુભવથી વંચિત રાખી રહ્યા છો.

ઉપરનું વાક્ય એટલા માટે કહેવામાં આવ્યું છે કે, કારણે કે વુમન ઓન ટોપ પોઝિશન ન માત્ર એક તાજગીભર્યો અહેસાસ છે, પરંતુ તે તમારી સેક્સ લાઈફને વધારે રોમાંચક પણ બનાવશે. આ પોઝિશન દ્વારા મેલ અને ફીમેલ બન્ને પાર્ટનરને બેસ્ટ ઓર્ગેઝમ પણ મળે છે.

જે રીતે મિશનરી પોઝિશનમાં મહિલાઓ માટે ખાસ કંઇ કરવાનું રહેતું નથી અને સંપૂર્ણ કંટ્રોલ મેલ પાર્ટનરના હાથમાં રહે છે, તેવી જ રીતે વુમન ઓન ટોપ પોઝિશનમાં સંપૂર્ણ કંટ્રોલ ફીમેલ પાર્ટનરના હાથમાં રહે છે. આ પોઝિશન દરમિયાન મેલ પાર્ટનરના હાથ મુક્ત હોવાથી તેઓ લવમેકિંગ દરમિયાન ટીઝિંગ કરી શકે છે. વુમન ઓન ટોપ પોઝિશનમાં ઘણી ટેકનિક હોય છે જેમ કે, કાઉગર્લ, રિવર્સ કાઉગર્લ, પોલ પોઝિશન, લેપ ડાન્સ, સ્કવોટ વગેરે જેમાં કોઈ પણ પોઝિશનનો ઉપયોગ કરી શકાય છે.

વિશ્વસ્તરે પુરુષોની પ્રજનન ક્ષમતામાં ભયજનક ઘટાડો

મેલ ફર્ટિલિટી એટલે કે પુરુષોની પ્રજનન ક્ષમતા પર એક ભયજનક રિપોર્ટ આવ્યો છે. જે મુજબ માનવ અસ્તિત્વ પર જોખમ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ રિપોર્ટ મુજબ પુરુષોની પ્રજનન ક્ષમતા દર વર્ષે ઘટતી જાય છે અને તેની પાછળનું કારણ કેમિકલ્સ, પ્રદુષણ અને હાલની આધુનિક જીવનશૈલી છે.



અમેરિકા અને યુરોપમાં ફર્ટિલિટી ક્લિનિકમાં આવતા એક લાખ ચોવીસ હજાર પુરુષો પર કરવામાં આવેલા અભ્યાસમાં આ ચોંકાવનારો ખુલાસો થયો હતો કે પુરુષોમાં સ્પર્મની ગુણવત્તામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ સાથે એક અલગ અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો જેમાં બે હજાર છસો સ્પર્મ ડોનર્સ સામેલ હતા. જેમની ફર્ટિલિટી સામાન્ય પુરુષો કરતા થોડી વધારે હતી. આ અભ્યાસમાં પણ ફર્ટિલિટી ઓછી થવાનું નોંધવામાં આવ્યું હતું.

આ રિપોર્ટ મુજબ પુરુષો પિતા બની શકે છે પરંતુ સ્પર્મની ગુણવત્તામાં આવી રહેલા ફેરફારથી ભવિષ્ય જોખમમાં મુકાવાની સંભાવનાઓ છે. ગત વર્ષે આ જ પ્રકારના એક અભ્યાસ કરાયો હતો, જેમાં પશ્ચિમી દેશોમાં ૧૯૭૩થી ૨૦૧૧ વચ્ચે પુરુષોની સ્પર્મ ક્વોલિટી અને ક્વોન્ટિટી ૫૯ ટકા ઓછી થઈ હોવાનું નોંધવામાં આવ્યું હતું.

આ અભ્યાસના રિપોર્ટમાં જણાવામાં આવ્યું છે કે વાતાવરણમાં હાજર પેસ્ટિસાઈડ્સ, હોર્મોન્સને નુકસાન કરતા કેમિકલ્સ, તણાવ, ધુમ્રપાન અને મેદસ્વીપણાના લીધે સ્પર્મની ગુણવત્તા અને તેની સંખ્યા ઓછી થતી જાય છે. આ સિવાય દારુ, કેફીન અને પ્રોસેસ કરેલા માંસના સેવન પણ સ્પર્મની સંખ્યામાં સતત ઘટાડાનું કારણ છે. વૈજ્ઞાનિકો મુજબ વિશ્વસ્તરે ટેસ્ટિક્યુલર કેન્સરની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. એની સાથે મોટી સંખ્યામાં એવા બાળકો જન્મ લઈ રહ્યા છે જેમના એક કે બન્ને ટેસ્ટિકલ મિસિંગ હોય છે.

આ અહેવાલની સહ-લેખિકા ડો. જેમ્સ હોટેલિંગ મુજબ આ વાતની પૂરેપૂરી સંભાવનાઓ છે કે નજીકના ભવિષ્યમાં જ પુરુષોની મોટી સંખ્યા બાળક પેદા કરવામાં અસમર્થ હશે જે સમસ્ત માનવજાતિ માટે ચિંતાનો વિષય છે.

સેક્સ પછી આ બાબતોનું ખાસ ધ્યાન રાખશો તો સંબંધોમાં વધુ હૂંફ આવશે

શારિરીક સંબંધોમાં પહેલા ફોરપ્લે અને ઈન્ટિમેન્ટ થવું જેટલું જરૂરી છે, તેટલું જ જરૂરી છે શારિરીક સંબંધો બાંધ્યા પછી પાર્ટનર સાથે તમારૂ વર્તન. જે તમારા સંબંધને વધારે ઊંડો અને મજબૂત બનાવે છે. આ વિષય પોસ્ટ સેક્સ એટલે કે શારિરીક સંબંધો બાંધ્યા પછીના સમય સાથે જોડાયેલ છે. જે દરમિયાન તમે તમારા પાર્ટનર સાથેના સંબંધોને વધારે મજબૂત બનાવી શકો છો. અહીં કેટલાક મહત્વના મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી છે, જે શારિરીક સંબંધો પછી કરવા યોગ્ય રહેશે.

ક્લીનિંગ

શારિરીક સંબંધો પછી સ્વાભાવિક રીતે પાર્ટનરને ગળે લાગવાનું મન કરે છે, પરંતુ સૌથી જરૂરી બાબત છે કે સેક્સ પછી બન્ને પાર્ટનરે પોતાનું ક્લીનિંગ કરવું. મહિલાઓ ઇચ્છે તો ઈન્ટરકોર્સના ૧૫ મિનિટની અંદર ટોઇલેટ કરી લે, જેથી તેમની બ્લેડર પ્રાકૃતિક રીતે સાફ થઈ જાય અને કોઈ પણ પ્રકારના સંક્રમણ કે યૂટીઆઈનું જોખમ રહેતું નથી. જે પછી મહિલાઓએ તેમના પ્રાઈવેટ પાર્ટને સાબુ કે વજાઈનલ વોશની મદદથી ચોખ્ખુ કરી લેવું જોઈએ. આ ક્રિયા પછી તમે ઇચ્છો તો શરીરને હાઈડ્રેટ રાખવા માટે એક ગ્લાસ પાણી કે નારિયેળ પાણી પી શકો છો.

કડલિંગ

ક્લીનિંગ પછી સૌથી જરૂરી બાબત છે કડલિંગ એટલે કે પાર્ટનરને ગળે લાગવું. યાદ રાખવા જેવી બાબત છે કે પાર્ટનર સાથે લાગણીઓથી બંધાવું અને તેમને એ વાતનો અહેસાસ કરાવો કે તે આપણા માટે કેટલા ખાસ અને મહત્વના છે. પોસ્ટ સેક્સ પાર્ટનરને ગળે લાગવું ખૂબ જ જરૂરી છે. લવ મેકિંગ પછી સ્કીન ઓન સ્કીન કોન્ટેક્ટ પાર્ટનર સાથે બોન્ડિંગ મજબૂત કરવાનો સૌથી સારો ઉપાય છે. તમે કેટલી પણ ઉંઘમાં કેમ ન હોવ પરંતુ પોસ્ટ સેક્સ પાર્ટનરને થોડા સમય માટે પણ ગળે લગાડવું ન ભુલતા.

કેન્વર્ઝેશન

જો તમને લાગતું હોય કે ફાસ્ટ લાઈફ સ્ટાઈલમાં પાર્ટનર સાથે વાતચીતનો સમય નથી મળતો, તો તેના માટે પોસ્ટ સેક્સનો સમય સૌથી અનુકૂળ સમય માનવામાં આવે છે. આ સમયમાં તમે પાર્ટનર સાથે શારિરીક સંબંધોથી લગતી સમસ્યાઓ કે પછી કોઈ પણ હલકા-ફુલકા વિષય પર વાતચીત કરી શકો છો. તમે પાર્ટનરના મનપસંદ વિષય પર પણ વાતચીત કરી શકો છો અથવા બન્નેના રસપ્રદ વિષય પર સામાન્ય ચર્ચા કરી શકો છો. શારિરીક સંબંધો બાધ્યા પછી પાર્ટનર સાથે વાત કરવી ખૂબ જ જરૂરી બને છે.

હળવદ ની તમામ સ્કુલ શાળાઓ કોલેજો એ જડબેસલાક બંધ પાડીને પોતાનો વિરોધ નોંધાવ્યો





ટંકારા લાઈફ લિંક્સ શાળાના/શિક્ષકો અને સંચાલક વિરુદ્ધ ખોટી એસ્ટ્રોસિટીફરિયાદના વિરોધ માં હળવદ ની તમામ કુલ શાળાઓ આજે જડબેસલાક બંધ પાળ્યો અને પોતાનો વિરોધ નોંધાવ્યો, Maharshi gurukul તક્ષશિલા વિદ્યાલય વિવેકાનંદ વિદ્યાલય સાંદિપની સ્કુલ સરદાર પટેલ વિદ્યાલય નવનિર્માણ સદભાવના શૈક્ષણિક સંકુલ મંગલમ વિદ્યાલય વિદ્યા દર્શન વિદ્યાલય નાલંદા વિદ્યાલય પતંજલિ વગેરે સ્કૂલ ઓ એ બંધ પાડી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો

ટંકારાની ખાનગી શાળાના સંચાલક અને ચાર શિક્ષકો વિરુદ્ધ કોઈપણ જાતની તપાસ વગર ખોટી રીતે એસ્ટ્રોસિટી ફરિયાદ દાખલ કરવામાં આવતા મોરબીના શિક્ષણ જગતમાં પ્રચંડ રોષ ફાટી નીકળ્યો છે અને આ મામલે આજ થી જિલ્લાની ૩૦૦થી વધુ ખાનગી શાળાઓ અચોક્કસ મુદત માટે બંધ કરવા સેલ્ફ ફાયનાન્સ શાળા સંચાલક મંડળે જાહેર કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ત્યારે હળવદ પંથકની તમામ ખાનગી શાળાઓ આજે સવારથી જ સ્કૂલો કોલેજો બંધ રાખી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો હળવદ ની તમામ સેલ ફાઈનાન્સ શાળા સ્કૂલો કોલેજો બંધ પાળ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જિલ્લાનાં ટંકારા તાલુકાની લાઈફ લિંક સ્કુલના ૪ શિક્ષકો અને સંચાલક ઉપર શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કર્યા વિના એટ્રોસિટીનાં કાયદાનો ગેર ઉપયોગ કરી ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવતા મોરબી જિલ્લાની તમામ સેલ્ફ ફાયનાન્સ શાળાઓ તા.૨-૨-૨૦૧૯ થી અચોક્કસ મુદત સુધી બંધ રાખવાનો મોરબી જીલ્લા સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળે નિર્ણય કરેલ છે.

વધુમાં હાલ શાળાઓમાં ચાલતી દ્વિતીય પરીક્ષા પણ મુલતવી રાખવામાં આવી છે. મોરબી જીલ્લામાં ૧૦ દિવસ પહેલાં શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધી ઉત્તર બુનિયાદી વિદ્યાલય જોધપરમાં પણ આવી ઘટના બની હતી. જેથી આવી ઘટનાઓ વારંવાર બનાવથી મોરબી જિલ્લાના શિક્ષણ જગતમાં ચિંતાનો માહોલ છવાયો છે અને આજથી અચોક્કસ મુદત માટે શાળા—કોલેજ બંધનું એલાન આપી આ મામલે જિલ્લા પોલીસવડા અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી વિરોધ પ્રદર્શન કરવામાં આવનાર હોવાની શાળા સંચાલક મંડળના પ્રમુખ મનોજ ઓગણજાએ અંતમાં જણાવ્યું હતું

ભાજપ અધ્યક્ષે દહેરાદૂનમાં ત્રિશક્તિ સંમેલનને સંબોધિત કર્યુ

રાહુલ ગાંધી નક્કી કરે કે રામ મંદિર બનવું જોઈએ કે નહીં: અમિત શાહ

અમે એટલા શક્તિશાળી છીએ કે ફોઈ-ભત્રીજાએ પણ એક થવું પડ્યું,જેટલું નામ વિરોધીઓ મોદીજીનું લે છે, એટલું જો નારાયણનું લે તો તેમનુ કલ્યાણ થઈ જાય

દહેરાદૂન

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે દહેરાદૂનમાં ત્રિશક્તિ સંમેલનને સંબોધિત કર્યું. આ દરમિયાન તેમણે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી દળો પર આકરા પ્રહારો કર્યાં. તેમણે કહ્યું કે દેશભરના મોટાભાગના પક્ષોમાં પક્ષ અધ્યક્ષ અને વડાપ્રધાન વંશવાદની પરંપરા મુજબ નક્કી થાય છે. પરંતુ ભાજપ એક ગરીબ વ્યક્તિને દેશના વડાપ્રધાન બનાવે છે. આ અમારી પાર્ટીની વિશેષતા છે. તેમણે કહ્યું કે દેશના વિકાસ અને સુરક્ષા માટે મોદીજી એકવાર ફરીથી વડાપ્રધાન બને તે ખુબ જરૂરી છે. અમિત શાહે જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સ્ટેન્ડ ક્લિયર કરે કે અયોધ્યામાં રામ જન્મભૂમિ પર મંદિર બનવુ જોઈએ કે નહી. કોંગ્રેસ રામ મંદિરના નિર્માણમાં અડચણ ઊભી કરી રહી છે. જેથી કોંગ્રેસે રામ મંદિર અંગે સ્ટેન્ડ ક્લિયર કરવુ જોઈએ.

અમિત શાહે યુપીમાં બસપા પ્રમુખ માયાવતી અને સપા અધ્યક્ષ અખિલેશ યાદવ વચ્ચે લોકસભા ચૂંટણી માટે થયેલા ગઠબંધનને આડે હાથ લીધુ. તેમણે કહ્યું કે ગઠબંધન માટે યુપીની પણ ચર્ચા થાય છે. ક્યારેય એકબીજાનું મોઢું ન જોનારા, નમસ્તે ન કરનારા ફોઈ-ભત્રીજા એક મંચ પર આવી ગયાં. તેઓ એક થઈ ગયાં. આ જ વસ્તુ જણાવે છે કે અમે કેટલા શક્તિશાળી છીએ. અમારા કારણે તેમણે એક થવું પડ્યું.

અમિત શાહે સંમેલનમાં કહ્યું કે ભારતીય જનતા પાર્ટી પોતાના કાર્યકરોના આધાર પર ચૂંટણી જીતે છે, ભાજપના કાર્યકર્તા મુશ્કેલથી મુશ્કેલ ચૂંટણીને પણ પ્રચંડ વિજયમાં ફેરવવાની તાકાત ધરાવે છે. તેમણે કહ્યું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીજીની સરકાર અને ઉત્તરાખંડમાં ત્રિવેન્દ્ર રાવતની સરકાર છે. આ બંને સરકારોએ ફાસ્ટ ટ્રેક પર ઉત્તરાખંડના વિકાસને આગળ વધારવાનું કામ કર્યું છે. શાહે કહ્યું કે વિપક્ષ ફક્ત મોદી હટાવોની વાત કરે છે. જેટલું નામ તેઓ મોદીજીનું લે છે, એટલું જો નારાયણનું લે તો તેમનુ કલ્યાણ થઈ જાય.

અમિત શાહે શુક્રવારે રજુ થયેલા બજેટને લઈને વિપક્ષને આડે હાથ લીધો. તેમણે કહ્યું કે ગઈ કાલે જ્યારે પીયૂષ ગોયલજી દેશનું બજેટ રજુ કરી રહ્યા હતાં ત્યારે જોશમાં બોલનારા વિપક્ષીઓના ચહેરાનો રંગ ઉડી ગયો હતો. તેમણે કહ્યું કે મોદી સરકાર દ્વારા જે બજેટ ગઈ કાલે રજુ કરાયું તેમાં ખેડૂતો માટે કરાયેલી જાહેરાતોથી ૧૨ કરોડ ખેડૂતોને ફાયદો થવાનો છે. દેશની આઝાદી બાદથી પહેલીવાર દેશને સૌથી મોટુ રક્ષા બજેટ મોદી સરકારે આપ્યું છે.

મુખ્યમંત્રીના હસ્તે ગોંડલ ઓવરબ્રિજનું ભૂમિપૂજન

રાજકોટ

રાજકોટમાં ટ્રાફિકજામની સમસ્યાના પગલે ૨ મહિના પહેલા ઓવરબ્રિજ બનાવવાની મંજુરી આપવામાં આવી હતી. જેના પગલે ગોંડલ ચોકડી પર ઓવરબ્રિજનું મુખ્યપ્રધાન વિજય રૂપાણીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતુ. કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા પણ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ અંગે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ જણાવ્યુ હતુ કે, આ ફલાય ઓવરબ્રિજના પ્રોજેક્ટને ૧૮ મહિનામા પુરો કરી દેવામાં આવશે. ૯૦ કરોડના ખર્ચે બનાવામાં આવનાર આ ઓવરબ્રિજથી ટ્રાફિક સમસ્યાનો હલ થશે.

આંતરરાષ્ટ્રીય ભીમસેનાના કચ્છના અધ્યક્ષ મયુરભાઈ મહેશ્વરી દ્વાર કચ્છમાં દારૂબંધી અંગે કચ્છ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



ભુજ કચ્છ: ગુજરાત રાજયમાં દારૂ બંધી છે, તેમ છતા કચ્છ જીલ્લામાં આટલા મોટા પ્રમાણમાં દારૂ વેચાય છે.જે માટે કચ્છ જિલ્લા કલેકટરને વિનંતી કે, જો કચ્છમાં દારૂ બંધ નહી થાય તો અમારી કચ્છ જીલ્લાની આંતર રાષ્ટ્રીય ભીમ સેનાની ટીમ અને જનતાને સાથે રાખીને કચ્છમાં જેટલા પણ દારૂના પોઈન્ટ હશે.જેની તમામ માહીતી મેળવીને જનતા રેડ કરશુ તો કચ્છ જિલ્લા કલેક્ટરને વિનંતી કે,આ બાબતને ગંભિરતા પૂર્વક ધ્યાને લઈને જેટલા પણ દારૂના પોઈન્ટ હોય એ તાત્કાલીક ધોરણે બંધ કરાવવામાં આવે અને જો વહીવટ તંત્ર આ બાબતે ગંભિરતા નહી લે તો અમારી ટીમ તેમજ જનતાની સાથે રાખીને આ મુદાને ઉપાડશે અને આ બાબતે અમારી ઉપર કોઈપણ વ્યક્તિઓ દ્વારા જાનલેવા હુમલાઓ થશે.તો તેની સંપૂર્ણ જવાબદારી વહીવટ તંત્રની તેમજ ગુજરાત સરકારની રહેશે . કારણ કે, ગૃહ વિભાગ દ્વારા દારૂ બંધ કરાવવા માટેની મોટી — મોટી જાહેરાતો આવતી હોય છે.પરંતુ એનો કોઈપણ જાતનો પરીણામ આવ્યો નથી.અને લોકોની તેમજ એમના પરીવારની જીંદગી ખરાબ થતી જાય છે.જેને ધ્યાને લઈને અમો આ મુદ્દાને ગંભિરતાથી લઈને અમો જનતાની સાથે રસ્તા ઉપર ઉતરશું અને જનતા રેડ કરશુ.જેની સંપૂર્ણ જવાબદારી વહીવટ તંત્ર તેમજ ગુજરાત સરકારની રહેશે તો આ બાબતે ૧૫ દિવસમાં આ ગંભિર પ્રશ્નનું નિકાલ થઈ જવો જોઈએ.

બજેટ ડુંગળી જેવું, પળ ખોલતા રહો છેલ્લે પુરી થઈ જાય

રામ મંદિરને પ્રજા સાથે કોઈ સંબંધ નથી: શંકરસિંહ વાઘેલા

રાજકોટ

શંકરસિંહ વાઘેલાએ આજે રાજકોટમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં બાપુએ શક્તિદળની વેબસાઈટની શરૂઆત કરી હતી. બાપુએ પ્રેસ કોન્ફરન્સમાં રામ મંદિર મુદ્દે નિવેદન આપતા કહ્યું કે રામ મંદિરને પ્રજા સાથે કોઈ સંબંધ નથી. સાથે જ બાપુએ બજેટ પર ટીપ્પણી કરતાં કહ્યું કે બજેટ ડુંગળી જેવું છે. દરેક પળ ખોલો છેલ્લે ડુંગળી પુરી થઈ જાય, કંઈ વધે નહિ.

બાપુએ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે આર્મીને છેતરી છે, સર્જિકલ સ્ટ્રાઈક તો આવી કેટલી થઈ. બજેટ છેલ્લી આશા હતી. બજેટમાં ખેડૂતોની પણ મશ્કરી કરવામાં આવી છે કારણ કે ખેડૂતો ૨ હજાર રૂપિયાના રોટલા કૂતરાઓને ખવડાવે છે અને એને ૬૦૦૦ની સહાય કરવીએ મશ્કરી સમાન છે. આ સાથે જ બાપુ એ કહ્યું કે એનસીપીમાં જોડાવા પાછળ બીજેપીને દૂર કરવા માટે આવ્યો છું. આગામી ચૂંટણીમાં ભાજપના હાથમાંથી ૫૦ ટકા બેઠક જતી રહેશે. આ સાથે જ ઉંઝાના ધારાસભ્ય આશાબેન ભાજપમાં જોડાવાની અટકળો વિશે મૌન સેવ્યું હતું.





વચગાળાના બજેટ અંગે બંધારણમાં કોઈ જોગવાઈ નથી

સુપ્રીમ કોર્ટમાં વચગાળાનું બજેટ રદ કરવા માટે અરજી દાખલ

ન્યુ દિલ્હી

સંસદમાં શુક્રવારે વગગાળાનું બજેટ રજૂ થયું તેના કેટલાક કલાકો બાદ જ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં વચગાળાનું બજેટને રદ કરવા અંગે વિનંતી કરવામાં આવી છે. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, વચગાળાના બજેટ અંગે બંધારણમાં કોઈ જોગવાઈ નથી. વકીલ મનોહર લાલ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલ આ અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, બંધારણમાં માત્ર પૂર્ણ બજેટ અને વોટ ઓન એકાઉન્ટ રજૂ કરવાની જ જોગવાઈ છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, વોટ ઓન એકાઉન્ટ ચૂંટણીના વર્ષમાં નિર્ધારિત સમય માટે સરકારી ખર્ચને મંજૂરી આપે છે. ત્યારબાદ નવી સરકાર પૂર્ણ બજેટ રજૂ કરે છે. શુક્રવારે લોકસભામાં નાણાં મંત્રી પીયૂષ ગોયલે વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. જેમાં મધ્યમ વર્ગ અને ખેડૂતો માટે લોભામણી જાહેરાતો કરવામાં આવી હતી. ગત વર્ષે ડિસેમ્બરમાં સુપ્રીમ કોર્ટે આરબીઆઈના અનામત ભંડોળ મુદ્દે તત્કાલીન નાણાં મંત્રી અરુણ જેટલી વિરુદ્ધ પીઆઈએલ દાખલ કરવા અંગે શર્માને ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

આરએલએસપીની આક્રોશ રેલી પર લાઠીચાર્જ, પ્રમુખ કુશવાહા સહિત કાર્યકરો ઘાયલ

પટના

બિહારના પાટનગર પટનામાં રાષ્ટ્રીય લોક સમતા પાર્ટી દ્વારા શનિવારે આયોજિત જન આક્રોશ કૂચમાં પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. આ લાઠીચાર્જમાં આરએલએસપીના કેટલાક નેતા તેમજ કાર્યકરો ઈજાગ્રસ્ત થયા હતા. લાઠીચાર્જમાં ઘાયલ આરએલએસપીના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહાને હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. કુશવાહાએ નીતિશ શાસનને નિરંકુશ ગણાવતા સુનિયોજિત ષડયંત્ર હેઠળ લાઠીચાર્જ કરાયો હોવાનો આક્ષેપ કર્યો છે.

શનિવારે બિહારની શિક્ષણ વ્યવસ્થાને લઈને રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીએ જન આક્રોશ રેલીનું આયોજન કર્યું હતું. આ કૂચ બાદ આરએલએસપી પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહા રાજ્યપાલને આવેદન સોંપવાના હતા. દરમિયાન પોલીસે આરએલએસપી કાર્યકર્તાઓ પર લાઠીચાર્જ કર્યો હતો. આ લાઠીચાર્જમાં આરએલએસપીના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહા સહિત પાર્ટીના કેટલાક કાર્યકરો ઘાયલ થયા હતા. કુશવાહાએ આ લાઠીચાર્જની આકરી નિંદા કરી હતી.

કુશવાહાએ જણાવ્યું કે બિહારના સીએમ નીતીશ કુમારે આરએલએસપી કાર્યકરો પર લાકડીઓ વરસાવી છે. કુશવાહાએ જણાવ્યું કે, 'લાઠીચાર્જમાં મારી સાથે-સાથે અનેક પાર્ટી કાર્યકરોને ઈજા પહોંચી છે.' નીતીશ પર પ્રહારો કરતા આરએલએસપીએ જણાવ્યું કે ટૂંક સમયમાંજ સત્તાનો નશો ઉતરી જશે. કેટલા ઉપેન્દ્ર કુશવાહાને લાકડીઓ વડે ફટકારશો. ખાડે ગયેલું શિક્ષણનું સ્તર અને નિરંકુશ શાસન વિરુદ્ધ લાખો ઉપેન્દ્ર કુશવાહા ઊભા થઈ જશે.

પશુ પાલન વિભાગ દ્વારા પશુઓની વસ્તી ગણતરી

સુરત

પશુપાલન ખાતુ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા હાલમાં સુરત સીટી/જિલ્લામાં ૨૦મી પશુધન વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી છે. જેથી સુરત જિલ્લામાં વસવાટ કરતા પશુપાલકોના ઘરે આવનારા ગણતરીદારો દ્વારા માંગવામાં આવતી વિગતો જેમ કે, ઘર નંબર, મકાન માલિકનું નામ, ફોન નંબર, આવક, જાતિ, ખેતી/ઘરનું ક્ષેત્રફળ, અભ્યાસ, પશુની વિગત આપવા જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

ઓફિસરૂમમાં લઈ જઈ વિદ્યાર્થીઓને ઢોરમાર માર્યો,મોરબી જિલ્લામાં ખાનગી શાળાઓ બંધ પાડશે

ટંકારાની લાઈફલિંક્સ વિદ્યાલયમાં શાળાના ૫ શિક્ષકોએ વિદ્યાર્થીઓને પટ્ટા વડે ફટકાર્યા

મોરબી

ટંકારાની લાઈફલિંકસ વિદ્યાલય નામની ખાનગી શાળામા કોઈ ટીખળખોર છાત્રાએ ફટાકડો ફોડતા ધો.૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને શાળા સંચાલક સહિત ૫ શિક્ષકોએ શાળાના રૂમમાં પુરી લાકડી અને પટ્ટાથી માર માર્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. કણસતી હાલતમાં ઘરે પહોંચેલા વિદ્યાર્થીની તબિયત બગડતા મોડી રાત્રે તેને ૧૦૮ની મદદથી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેથી પરિવારજનોએ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી.

ઘટનાની વિગત અનુસાર લાઈફલિંકસ વિદ્યાલયમાં બુધવારે ક્લાસરૂમમાં કોઈ વિદ્યાર્થીએ ફટાકડો ફોડયો હતો. જેનો ખાર રાખી બીજે દિવસે ગુરૂવારે શાળાના સંચાલક જયંતિભાઈ બારૈયા ઉપરાંત જયદીપ ગઢીયા, સુભાષ ઘેટીયા, અંકિત રૈયાણી, કલ્પેશ કોટડીયા સહિતના શિક્ષકોએ પાંચેક વિદ્યાર્થીઓને રહેમીથી ગડદા પાટુ, લાકડી અને કમરપટ્ટાથી ઢોર માર માર્યો હતો. ફરી ઓફિસરૂમમાં લઈ જઈને પણ માર માર્યો હતો. જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

શિક્ષકોના દમનનો ભોગ બનેલા વિદ્યાર્થી પૈકીનો ધો.૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી શાળામાંથી છુટ્યા બાદ પોતાના ગામડે ખોડાપીપર ગામ પહોંચ્યો હતો. પરંતુ શિક્ષકોના મુંઢ મારથી મોડી રાત્રે તબિયત લથડતા મજુરીકામ કરતા પિતાએ ૧૦૮ની મદદથી ટંકારા હોસ્પિટલ ખસેડ્યો હતો. રોષે ભરાયેલા વાલીઓએ શાળામાં જઈ હંગામો મચાવ્યો હતો અને શાળાની માન્યતા રદ કરવા માટે કલેક્ટરને ફરીયાદ કરવામાં આવશે તેવુ જણાવ્યું હતું. હાલ તો આ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. જેથી પોલીસે સંચાલક સહિત ૫ શિક્ષક વિરૂદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ફરીયાદ દાખલ કરી છે.

ટંકારા તાલુકાની લાઈફ લિંક સ્કુલમાં ૪ શિક્ષક અને ૧ સંચાલક ઉપર શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કર્યા વિના એટ્રોસિટીનાં કાયદાનો ગેર ઉપયોગ કરી થયેલી ખોટી ફરીયાદ બાબતે, મોરબી જિલ્લાની તમામ સેલ્ફ ફાયનાન્સ શાળાઓ આજથી અચોક્કસ મુદત સુધી બંધ રાખવાનો નિર્ણય મોરબી જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે કર્યો છે. હાલ શાળાઓમાં ચાલતી દ્વિતીય પરીક્ષા પણ મુલતવી રાખવામાં આવી છે.

બે વેપારીઓ પાસેથી રૂા. ૩૮.૯૨ લાખનો માલ ખરીદી ચાર વેપારીઓની ઠગાઈ

૪૦ દિવસના વાયદે ગ્રે માલ ખરીદી છેતરપિંડી

સુરત

બે વેપારી પાસેથી રૂા. ૩૮.૯૨ લાખની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરનાર કાપડ દલાલ સહિત પાંચ જણાં સામે સલાબતપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અઠવાલાઈન્સ પટેલ નગર સોસાયટીમાં રહેતા વિપુલ મફતલાલ પટેલે આરોપી રોશનલાલ સુખલાલ મેવાડા, પ્રકાશ કાલુના મેવાડા (શિવ ક્તિ ટેક્ષટાઈલ્સ, આઈકોન ટેક્ષટાઈર્લ્સ, આંજણા ફાર્મ), પપ્પુકુમાર અશ્વિનકુમાર દુબે, જયંતિભાઈ (સિંધ્ધી વિનાયક ફેબ્રિક્સ), દલાલ ભરત ગોસ્વામી (રહે. ઈન્દરપુરા ખત્રીવાડ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ મીઠી-મીઠી વાતો કરી ફરિયાદી અને મિત્ર દીપકભાઈ પાસેથી રૂા. ૩૮,૯૨,૩૬૮ની કિંમતના ગરે કાપડના જથ્થાની ખરીદી કરી હતી. ૪૦ દિવસમાં પેમેન્ટ ચૂકવવાનો વાયદો કરી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ખેડૂતો રાતા પાણીએ રડ્યા: બે રૂપિયે કિલો ડુંગળીના ભાવ મળતા રસ્તા પર ફેંકી

ભાવનગર

રાજ્યના ખેડૂતોની દશા બેઠી હોય તેવું લાગી રહ્યું છે પહેલાથી જ દુષ્કાળની સ્થિતિનો સામનો કરી રહેલા ખેડૂતોને હવે તેમના પાકના યોગ્ય ભાવ પણ મળતા નથી, ભાવનગરમાં ડુંગળીનું મબલક ઉત્પાદન થયું છે, પરંતુ યાર્ડમાં ડુંગળીના ભાવ ખેડૂતોને રડાવી રહ્યાં છે, એક રૂપિયાથી લઈને બે રૂપિયે કિલોના ભાવે ડુંગળીનું વેચાણ કરવાનો વારો આવ્યો છે, અહીના યાર્ડમાં માત્ર ૨ રૂપિયે કિલોના ભાવથી વેપારીઓને માલ આપી દેવાનો વારો આવ્યો છે.

ભાવનગરમાં ૨૦થી ૩૦ હજાર હેક્ટરમાં ડુંગળીનું ઉત્પાદન થયું છે.જોવાની વાત એ છે કે આટલું મતલખ ઉત્પાદન થયા પછી પણ અહીંના ખેડુતોને ૨ રૂપિયે કિલો ડુંગળી વેચવાનો વારો આવ્યો છે. જોવાની વાત એ હતી કે રાજય સરકારે ડુંગળીના ભાવ પ્રતિ કિલો લઘુત્તમ ૧ રૂપિયો આપવો જોઈએ તેવી જાહેરાત કર્યા પછી પણ તેટલા ભાવો નથી મળતા.


ખેડૂતો ૨ રૂપિયે કિલો ડુંગળી વેચી રહ્યાં છે પરંતુ દલાલો અને વચેટિયાઓ પાસેથી જ્યારે તે જ ડુંગળી માર્કેટમાં જાય ત્યારે તેનો ભાવ ૧૨ રૂપિયા સુધી પહોંચી જાય છે, જો કે અહી સવાલ એ છે કે ખેડૂતો આટલી મહેનત કરીને ડુંગળી પકવે છે પરંતુ તેના યોગ્ય ભાવ કેમ નથી મળતા.

ખેડુતોનું કહેવું છે કે તેમને પ્રતિ ૨૦ કિલોનું પ્રોડક્શન ખર્ચ જ ૨૦૦ રૂપિયા જેટલું પડે છે.એ ઉપરાંત ખેતરથી ડુંગળી લઈને માર્કેટ યાર્ડ સુધી લાવવાનો ખર્ચ જુદો.આમ તેમને જે ભાવે ડુંગળી પડે છે તેની સામે માર્કેટ યાર્ડના વેપારીઓ ખેડુતોને ૨૦૦ રૂપિયા સુધી ખરીદવાની ઓફર કરે છે.આમ જે ભાવે ઉત્પાદન ખર્ચ પડે તે ભાવે જ ડુંગળી વેચાતી હોવાથી ખેડુતોને કોઈ ફાયદો નથી.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

भट્ઠીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક

022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO
Aqua Group
TEXMO
AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી

: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

meriko
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

વિવિધ માંગણીઓને લઈ એસટી બસના કર્મચારીઓ પાંચ ફેબ્રુઆરીથી હડતાળ પર ઉતરશે

ગાંધીનગર

રાજ્યમાં ઘણા લોકો રોજબરોજ એસટી બસમાં મુસાફરી કરતા રહે છે. કેટલાક લોકો દૈનિક રીતે એસટી બસનો ઉપયોગ કરતા હતો છે. જો તમે રોજ એસટી બસથી મુસાફરી કરતાં હોવ કે તો આ સમાચાર તમારા માટે છે. આગામી પાંચમી ફેબ્રુઆરીથી રાજ્યની એસટી બસના પૈડા થંભી જશે.

તમને જણાવી દઈએ કે, સાતમા પગાર પંચ સહિત પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતાં એસટી કર્મચારીઓએ પમી ફેબ્રુઆરીથી હડતાળની ચીમકી ઉચ્ચારી છે અને જો તેમની માંગણીઓ સરકાર દ્વારા નહીં સ્વીકારવામાં આવે તો એસટી બસોના પૈડા થંભી જશે અને લાખો મુસાફરો રઝળી પડશે. એસટીના ત્રણ યુનિયન દ્વારા સંયુક્ત આંદોલન કરાશે

ઉલ્લેખનીય છે કે સાતમાં પગારપંચનું અમલ કરાવવા માટે એસટી બસના કર્મચારીઓ લાંબા સમયથી માંગ કરી રહ્યા છે.

વાહનવ્યવહાર મંત્રાલય અને નિગમના અધિકારીઓ દ્વારા વારંવારની રજૂઆતો બાદ આ માંગણીના ઉકેલ અને અમલવારીની ખાતરી આપવા છતાં માંગણી સંતોષવામાં નહીં આવતા એસટી કર્મચારીઓના ત્રણેય યુનિયનોએ હાથ મિલાવી સરકાર સામે બાયો ચઢાવી છે અને જો હવે ૭માં પગારપંચનો અમલ કરવામાં નહીં આવે તો પમી ફેબ્રુઆરીથી સરકાર વિરુદ્ધનું આંદોલન પુનઃજીવિત કરવાની આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે.

ઠંડી વચ્ચે તસ્કરોએ ઉપાડો લીધો ત્રણ સ્થળેથી રૂા. ૭.૫૦ લાખની ચોરી

તરખાટ મચાવતી ચોર ટોળકીએ વધુ ત્રણ સ્થળે ખાતર પાડયું

સુરત

શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યો છે. ત્રણ સ્થળે થયેલી ચોરીના બનાવમાં રૂા. ૭.૫૦ લાખની મતા ચોરાઈ હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દેવચંદ નગર ખાતા નં. ૪૭માંથી અજાણ્યા તસ્કરો રૂા. ૧.૯૫ લાખની કિંમતના ૫૦૦ કિલો તાંબાના તારની ચોરી કરી ગયા હતા. ખાતા માલિક ભૂપેન્દ્ર પરસોત્તમભાઈ કાટલીવાળાએ ફરિયાદ નોંધાવી હતી.

પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પ્રમુખ પાર્ક ઈન્ડસ્ટ્રીયલ ખાતા નં. ૧૬૨માં પેકિંગ - લોડીંગનું કામ કરતા મોહમ્મદ સલીમ મોહમ્મદ રમજાન તૈલી (રહે. અમન સોસાયટી, ઉધના)એ ટેબલનું લોક તોડી રોકડા રૂપિયા ૫.૩૦ લાખ ચોરી કરી નાસી ગયો હતો. બનાવ અંગે વાસુદેવ શ્રી રંગ ગીલડાએ ફરિયાદ નોંધાવી હતી.

અડાજણ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાલ અવધપુરી સોસાયટી મકાન નં. એ/૨૯માં આવેલ રીયલ નમકીન એજન્સીની ઓફિસમાંથી બે અજાણ્યા યુવકોએ કેમેરો, રોકડા ૯૦૦૦, પેન ડ્રાઈવર મળી કુલ્લે રૂા. ૨૫,૨૦૦ની મતા ચોરી કરી ગયા હતા. બનાવ અંગે સુશીલ મહેશ ભાવસારે અડાજણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સિટી લિંકની બસના ફ્રન્ટ ગ્લાસ પર લખાણ લખાવી સ્ટીકર લગાવાયા

બીઆરટીએસના અકસ્માત રોકવા સુરતમાં અનોખી પહેલ શરુ કરાઇ

સુરત

શહેરમાં સિટી બસ સર્વિસ અને બીઆરટીએસની સેવા શરૂ થયા બાદ શહેરમાં અકસ્માતની ઘટનાઓમાં વધારો થયો છે. આંતરે દિવસે નિર્દોષ શહેરીજનોના જીવ જઈ રહ્યા છે અથવા તો તેમને ઈજાઓ થઈ રહી છે. આવા સંજોગોમાં અકસ્માતની ઘટનાઓ ઉપર અંકુશ આવે અને ડ્રાઇવરો પણ પોતાની બસ કાળજીપૂર્વક ચલાવે તેના માટે સુરત મહાનગર પાલિકા દ્વારા નવી પહેલ કરવામાં આવી છે. સુરત મહાનગર પાલિકાએ દરેક BRTS અને સિટી લિંકની બસના ફ્રન્ટ ગ્લાસ પર એવુ લખાણ લખાવીને સ્ટીકર લગાવ્યા છે કે, આજે મારાથી કોઈ અકસ્માત નહીં થાય મારો પરિવાર મારા ઘરે મારી રાહ જુએ છે. આ વાક્ય બસનો ચાલક વારંવાર વાંચી શકે તે રીતે ફ્રન્ટ ગ્લાસ પર સ્ટીકર લગાવ્યા છે. ઉપરાંત સુરત મહાનગર પાલિકા દ્વારા દર રોજ સવારે નોકરી પર આવતા સિટી બસ અને બીઆરટીએસના ડ્રાઇવરોને એવી શપથ પણ લેવડાવી છે કે, આજે તેઓ કોઈ અકસ્માત નહીં સર્જે અને શાંતિથી બસ ડ્રાઇવ કરશે. હવે જોવાનું એ રહેશે કે, મહાનગર પાલિકાની આ અનોખી પહેલની ડ્રાઇવરોના મન મગજ પર કેવી અસર થાય છે અને તેનું શું પરિણામ આવે છે.

મૃત્યુ પામેલી અમેરિકન પત્રકારના પરિવારને ૨૧૪ કરોડ ચૂકવવા સીરિયાને આદેશ

વૉશિંગ્ટન

વોશિંગ્ટનના એક ન્યાયાધીશે પત્રકાર મેરી કોલ્વિનના ૨૦૧૨માં થયેલા મૃત્યુને લઈને સરકારને તેમના પરિવારને ૩૦.૨ કરોડ ડોલર વળતર ચૂકવવા આદેશ કર્યો છે. અમેરિક ડિસ્ટ્રિક્ટ કોર્ટના ન્યાયાધીશ એમી બર્મન જેક્સને પોતાના નિર્ણયમાં કહ્યું કે સીરિયાઈ સેનાએ હોમ્સ શહેરમાં તે અસ્થાયી મીડિયા કેન્દ્રને જાણીજોઈને નિશાને લીધું કે જ્યાં કોલ્વિન અને અન્ય પત્રકાર કામ કરી રહ્યાં હતાં.

મીડિયા કેન્દ્ર પર સતત હુમલાઓને લઈને ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ કોલ્વિન અને ફ્રાંસીસી પત્રકાર રેમી ઓચલિકનું મૃત્યુ થયું હતું. બ્રિટિશ સમાચારપત્ર માટે દુનિયાભરમાં સંઘર્ષોને કવર કરનારી કોલ્વિનની ઓળખ ડાબી આંખ પર બાંધવામાં આવનારી પટ્ટી હતી. તેમને ૨૦૦૧માં શ્રીલંકામાં એક ગ્રેનેડ હુમલાના કારણે આંખમાં દેખાવાનું બંધ થઈ ગયું હતું. વર્ષ ૨૦૧૮માં આવેલી ફિલ્મ "અ પ્રાઈવેટ વોર" તેમની જિંદગી પર આધારિત હતી. કોલ્વિનના પરિવારના વકીલોએ દલીલ કરી કે આ મૃત્યુ કોઈ દુર્ઘટના નહોતી. તેમને વિદેશોમાં સીરિયાઈ સરકારની સંપત્તિઓને જપ્ત કરીને ૩૦.૨ કરોડ ડોલરની ધનરાશિ એકત્ર કરવાની આશા છે.

માઉન્ટ આબુમાં તાપમાન શૂન્ય ડિગ્રી

ગુજરાતમાં બે દિવસ કોલ્ડવેવની આગાહી, ગાંધીનગરમાં સૌથી વધુ ૮.૮ ડિગ્રી ઠંડી નોંધાઈ

ગાંધીનગર

ઉત્તર ભારતમાં થયેલી કાતિલ હિમવર્ષાને કારણે ગુજરાતમાં પણ ઠંડી જામી રહી છે. ૮.૮ ડિગ્રી સાથે ગાંધીનગરમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી જ્યારે અમદાવાદમાં ૧૦ ડિગ્રી સરેરાશ લઘુત્તમ તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગે ૨ અને ૩ ફેબ્રુઆરી બે દિવસ કોલ્ડવેવની આગાહી કરી છે. આ ઉપરાંત હવામાન વિભાગે તેવું પણ અનુમાન કર્યું છે કે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવો વરસાદ પડી શકે છે. અમદાવાદમાં ૨૮.૨ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧ ડિગ્રીનો અને ૧૦ ડિગ્રી સાથે સરેરાશ લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. તો બીજી તરફ માઉન્ટ આબુમાં પારો ગગડીને શૂન્ય ડિગ્રી સૂધી પહોંચી ગયો છે.

આગામી બે દિવસમાં આખા રાજ્યમાં કોલ્ડવેવની આગાહી છે તેની સાથે અમદાવાદમાં ૧૧ ડિગ્રીની આસપાસ સરેરાશ લઘુત્તમ તાપમાન રહેશે. મહત્વનું છે કે ગઈકાલે અમદાવાદમાં વાદળછાયું અને તાપવાળું મિશ્ર વાતાવરણ રહ્યું હતું.

જોકે, આ પછી સરેરાશ લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકેછે. ગાંધીનગરમાં ૮.૮, દીવમાં ૯.૦, મહુવામાં ૯.૨, અમદાવાદમાં ૧૦.૦, વડોદરામાં ૧૦.૮, સુરેન્દ્રનગરમાં ૧૧.૪, રાજકોટમાં ૧૧.૭, નલિયામાં ૧૧.૮ તથા સુરતમાં ૧૩.૦ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યું છે. નોંધનીય છે કે હિમાચલ પ્રદેશના લાહૌલ જીલ્લામાં છેલ્લાં ઘણા દિવસોથી માઈનસ ૨૦ ડીગ્રી સુધીનું તાપમાન રહેતા સ્થાનિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયુંછે.સ્થાનિક લોકોનો મુખ્ય શહેરો સાથેનો સંપર્ક પણ તુટી ગયો છે.

૧૫ ધાડપાડુઓએ આઠ સભ્યોને લાકડાના ફટકા ઝીંકી દાગીના-રોકડની લૂંટ ચલાવી

સુરત

પલસાણા તાલુકાના સિયોદ ગામે ખેતીવાડીની સાથે રેતી-કપચીના કામ સાથે સંકળાયેલા પરિવારના ઘરમાં મોડીરાત્રે ધાડપાડુ ત્રાટક્યાં હતાં. ૧૫ જેટલા ધાડપાડુઓએ તિક્ષ્ણ હથિયારોની સાથે હથાડો અને ઘણની મદદથી દરવાજા તોડીને લાકડાના ફટકા ઝીંકીને ૮ સભ્યોને માર માર્યો હતો. સાથે જ દાગીના અને રોકડની લૂંટ ચલાવી હતી. બાદમાં તમામને પલસાણા ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાયા હતાં. જિલ્લા પોલીસે ડોગ સ્કવોર્ડ સહિતની ટીમોની મદદથી તપાસ હાથ ધરી છે. મહેન્દ્રભાઈ (ઈજાગ્રસ્તના ભાણેજ) એ જણાવ્યું હતું કે, રાત્રીના ૧૨ થી ૧૨:૩૦ વાગ્યાના અરસામાં ધાડપાડું ગેગ ઘરના દરવાજા તોડીને ઘસી ગઈ હતી. હથોડાથી દરવાજા તોડયા બાદ ૮-૧૦ જેટલા ધાડપાડુંઓએ મહિલાઓ ને લાકડાના ફટકાથી માર મારી પહેરેલા દાગીના લૂંટી લીધા હતા. ત્યારબાદ માણસોને મારમારી તેમને પણ લૂંટી ભાગી ગયા હતા. ભાગવા માટે ધાડપાડું ગેગએ બુમાબુમ કરનારા પરિવાર પર પથમારો કરી ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા પરિવારે ધાડપાડુ ટોળકી ગુજરાતી ભાષી હોય એવી શક્યતા વ્યક્ત કરી છે. હાલ પલસાણા પોલીસના જૅાં કામડિયા તપાસ કરી રહ્યા છે. તમામને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન ફોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે રજનજ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની લૉંચણી, નોકરી મેળવવા ઉમેદવારીની લૉંચણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા ક્રમ મુજબ ચર્ચેલ આપવામાંથી ચુકવણા જશો, જે માટે સાથે ડાયરેક્ટ હોદ્દેદાર પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની
એકત્રિત થયેલ મેમ્બરશીપ આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રણેટ મોડવી રૂપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે ફરજિયાત ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
લીફ ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ત્રણેટ મોડવી રૂપાવી)
આપનો કોડ લીફ ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે ફરજિયાત ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હંમેશ કમાવાની તક ગુમાવો નહીં.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com





રાણપુરની નદીઓમાં પાણી વહેતુ હોવા છતા રાણપુર પીવાના પાણી માટે તરસ્યુ



રાણપુર ને સાત દિવસે એક થી દોઢ કલાક પાણી અપાય છે

બોટાદ જીલ્લાના રાણપુરની ગોમા નદીમાં હાલ નર્મદા કેનાલમાંથી પાણી છોડવામાં આવતા આ પાણી દેવળીયા તથા વાગડ ગામ સુધી પહોચી ગયુ છે પણ રાણપુરની જનતાને આ પાણીનો આયોજનના અભાવે લાભ નહી મળતા ૭ દિવસે પીવાનુ પાણી પુરૂ પાડવામાં આવે છે રાણપુર ગ્રામ પંચાયતના કુવામાં પાણી ખુટી પડતા હાલ સુખભાદર ડેમમાંથી આ પાણી પુરૂ પાડવામાં આવી રહ્યુ છે.ગયા વર્ષે રાણપુરમાં ૧૨ દિવસે પીવાનુ પાણી પુરૂ પાડવામાં આવતા દેકારો મચી ગયો હતો.તેથી આ વર્ષે નહીવત વરસાદ થતા શિયાળામાં ૭ દિવસે પાણી અપાતા લોકોમાં ચિંતા સતાવી રહી છે કે ઉનાળામાં શુ થશે..

આ બાબતે પાણી પુરવઠા અધિકારી કાર્યપાલક ઈજનેર જે.પી.ચુડાસમાં સાથે વાત કરતા તેમણે જણાવેલ કે રાણપુર ને જે ૭ દિવસે પાણી મળે છે તે આંતરીક પ્રોબ્લેમના કારણે મળે છે બાકી સુખભાદર ડેમમાં બે મહીના ચાલે તેટલો પાણીનો જથ્થો છે જ ત્યારબાદ સૌની યોજના હેઠળ સુખભાદર ડેમ ભરવામાં આવશે તથા જરૂર પડ્યે મહી પરીએજ નુ પાણી પણ આપવામાં આવશે.ગયા ઉનાળામાં ૧૨ માં દિવસે પાણી આપવામાં આવતુ હતુ તેવુ આ વર્ષે નહી થાય ને તેના જવાબમાં જે.પી.ચુડાસમાં એ જણાવેલ કે અમારા દ્વારા તો નીયમીત પાણી પુરૂ પાડવામાં આવે છે ગ્રામપંચાયતે વિતરણ વ્યવસ્થા સુધારવાની જરૂર છે.જરૂર પડે કુવા ઊંડા કરવામાં આવશે તથા પાણીને લગતા બધા સાધનો પુરા પાડવામાં આવશે જો રાણપુર ગ્રામ પંચાયત ના સભ્યો અને પાણી પુરવઠા સ્ટાફ ગામ પોતાનુ છે જાણી થોડી વધારે મહેનત કરે તો રાણપુર ને ૪ દિવસે પાણી મળી શકે તેમ છે.અગાઉ દરેક સરપંચ વખતે ૪ દિવસે પાણી આપવામાં આવતુ જ હતુ.

આ અંગે રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ અબ્બાસભાઈ ખલાણી સાથે ટેલિફોન થી સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે રાણપુર ને પીવાનુ પાણી દર ત્રીજા,ચોથા દિવસે અપાઈ એવી પરીસ્થિતી અત્યારે છે જ તે ઉપર પીવાનુ પાણી પુરતા પ્રમાણમાં આવે જ છે પણ રાણપુર ગ્રામ પંચાયતના પાણી પુરવઠાના કર્મચારીઓનુ પાણી વિતરણ માટે સંકલન ન હોવાના કારણે ના છુટકે સાત દિવસે રાણપુર શહેર ને પીવાનુ પાણી મળે છે આજ રોજ રાણપુર ટી.ડી.ઓ.ને પાણી ના પ્રશ્ને રૂબરૂ મળ્યો હતો અને પીવાના પાણી ના પ્રશ્ને ચર્ચા કરી હતી આ બાબતે રાણપુર ના સારા લોકોની એક કમિટી રચવાની ઈચ્છા છે જેથી કરીને રાણપુર શહેર ને પીવાના પાણી માટે નો કાયમી પ્રશ્નનો ઉકેલ આવે જયારે રાણપુર ગામમાં પીવાના પાણી લાઈનો ટુટેલી હોય તે બાબતે પણ રાણપુર ટી.ડી.ઓ.ને જાણ કરેલ છે

છેલ્લા ૧૮ મહીનાથી ગુમ અપહ્યત બાળકીને તથા તેનુ અપહરણકરનાર આરોપીને અમદાવાદ ખાતેથી ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અંગે આપેલ સુચના તથા એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર જે.એન.ઝાલાના માર્ગદર્શન મુજબ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને હસ્તગત કરવા તથા મિસીંગ ગુમ વ્યક્તિઓ શોધી કાઢવા અંગે અવાર નવાર ડ્રાઈવો રાખી ટીમ બનાવી ચક્રો ગતિમાન કરેલ જે પૈકી પો.સ.ઈ. એ.એસ. ચૌહાણની ટીમે પાલેજ પો.સ્ટે. ગુ.ર.નં.૧૨૧/૨૦૧૭ ઈ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬ મુજબના કામે ગુમ/મિસિંગ અપહ્યત બાળકીને તથા તેનું અપહરણ કરનાર આરોપી વિજયભાઈ મંગાભાઈ વસાવા રહે. ટંકારીયા તા.જી.ભરૂચને અમદાવાદ ખાતેથી પકડી પાડેલ છે અને વધુ તપાસ તથા કાર્યવાહી માટે પાલેજ પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવેલ છે.

નાંદોદ લાછરસ પ્રા.શાળાના શિક્ષકોએ સ્વખર્ચે સ્માર્ટ ક્લાસ તૈયાર કરાવ્યો





ફિંગર ટચ સ્માર્ટ બોર્ડ ધરાવતી લાછરસની આ પ્રાથમિક શાળા ગુજરાતની પ્રથમ શાળા બની નાંદોદ લાછરસ પ્રા.શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ચોક અને ડસ્ટર હવે ભૂતકાળ બની જશે

રાજપીપળા : દેશની મોદી સરકાર હાલ તમામ ક્ષેત્ર ડીઝીટલાઈઝેશન કરવા માંગે છે.બેન્કિંગ ક્ષેત્રે તો લગભગ એ પૂર્ણ થઈ ચૂક્યું છે.ત્યારે શિક્ષણ ક્ષેત્રને પણ ડીઝીટલાઈઝેશન કરવા તરફ સરકાર દ્વારા પ્રયત્નો કરાઈ રહ્યા છે.ગુજરાતની પ્રા.શાળાઓના વર્ગોને સ્માર્ટ બનાવવા ગુજરાત સરકાર દ્વારા જ્ઞાન કુંજ પ્રોજેકટ હાથ ધરાયો છે.એ પ્રોજેકટ હેઠળ નાંદોદ તાલુકાની લાછરસ પ્રા.શાળાના ધોરણ ૭ અને ૮ નો કલાસ સ્માર્ટ બનાવવામાં આવ્યો છે.એ ક્લાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ડિઝિટલ બોર્ડના માધ્યમથી ભણાવવામાં આવે છે.ત્યારે ધોરણ-૬ નો કલાસ બાકી રહી જતો હોવાથી એ ક્લાસને પણ સ્માર્ટ બનાવવા માટે શાળાના શિક્ષકોને વિચાર આવ્યો.

લાછરસ પ્રા.શાળાના શિક્ષક મયંક ભટ્ટ સહિત ૯ શિક્ષકોએ ભાગે પડતા ૭૦૦૦ રૂપિયા મળી કુલ ૬૩૦૦૦ રૂપિયાના સ્વ ખર્ચે સરકારી સહાય વિના સ્માર્ટ કલાસ તૈયાર કર્યો.હાલ લાછરસ પ્રા.શાળાના ધોરણ ૬ ના ક્લાસમાં ફિંગર ટચ સ્માર્ટ બોર્ડ ફિક્સ કરવામાં આવ્યું છે.એ બોર્ડની ખાસિયત એ છે કે પેન કે ચોક વગર ફક્ત આંગળી વડે લખી વિદ્યાર્થીઓને ભણાવી શકાય છે.નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.ડી.બારીઆ દ્વારા નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ દેસાઈ,બીઆરસી કો ઓર્ડીનેટર ચિરાગ મપારાની ઉપસ્થિતમાં એ સ્માર્ટ ક્લાસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ફિંગર ટચ સ્માર્ટ બોર્ડ ધરાવતી શાળામાં નાંદોદ તાલુકાની લાછરસ પ્રા. શાળા પ્રથમ શાળા બની છે.લાછરસ પ્રા.શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ચોક અને ડસ્ટર હવે ભૂતકાળ બની જશે.

સુરત મનપાની લોકો સાથે છેતરપિંડી, ૧ મહિનો ફ્રીમાં પાર્કિંગ આપવાનું કહી ઉઘરાણી શરૂ

સુરત

સુરત શહેરમાં મહાનગર પાલિકા દ્વારા ગત તારીખ ૨૦ જાન્યુઆરીથી એક મહિના સુધી ઓન સ્ટ્રીટ પાર્કિંગ માટે લોકોમાં જાગૃતિ આવે એ માટે તમામ ઝોનના ૨૧ રસ્તાઓ પર સફેદ પટ્ટાઓ પાડી ઓન સ્ટ્રીટ પાર્કિંગ પોલીસી ચાલુ કરાઈ હતી. પરંતુ અઠવા ઝોન વિસ્તારમાં અઠવાગેટથી પાર્લે પોઈન્ટ, કારગીલ ચોક અને રાહુલરાજ મોલથી વાય જંક્શનના ઓન સ્ટ્રીટ પાર્કિંગમાં એક મહિના પહેલાથી જ ચાર્જિસના ઉઘરાણા ચાલુ થઈ જતા લોકો રોષે ભરાયા છે.

રિપોર્ટ મજબ એક પ્રાઈવેટ એજન્સીને ત્રણ મહિનાનો કોન્ટ્રાક્ટ પણ ફાળવી દેવાયો છે. આ એજન્સી છેલ્લા એક મહિનાથી અઠવાગેટ, પાર્લેપોઈન્ટ, રાહુલરાજ મોલથી વાય જંક્શન એમ ત્રણ જગ્યાઓ પર ઓન સ્ટ્રીટ પાર્કિંગ એક મહિના સુધી ફ્રી હોવા છતા પણ પાર્કિંગ ચાર્જ વસૂલ કરે છે. શહેર ટ્રાફિક પોલીસ દ્વારા દિવસ દરમિયાન નો પાર્કિંગમાં મૂકેલી ગાડી તો ઉંચકાય જ છે પરંતુ રાત્રીના સમયે પણ પોલીસ પાર્કિંગ મૂકેલી ગાડી ઉંચકી જાય છે. આ જ રીતે ગત બુધવારે રાત્રીના સમયે અઠવાલાઈન્સ વિસ્તારમાં પાર્કિંગમાંથી ગાડી ઉચકાઈ હતી.

તાપી નદીના શુદ્ધિકરણ માટે મંત્રી કૌશિક પટેલે કરી મહત્વની જાહેરાત

સુરત

ગુજરાત રાજયના મહેસુલી મંત્રી કૌશિકભાઇ પટેલ આજે કલેકટર ખાતે મળનારી સંકલન રિવ્યુ બેઠકમા હાજર રહ્યા હતા. જેમા તેમને તાપી શુધ્ધિકરણ મામલે અધિકારીઓનો ઉઘડો લીધો હતો. છેલ્લા કેટલાક સમયથી તાપી શુધ્ધિકરણનો પ્રશ્ન ચાલી રહ્યો છે. જો કે, તેમા કોઇ પણ પ્રકારની કામગીરી વેગવંતિ નહિ થતા મંત્રીએ મિટિંગની શરુઆતથી જ ઉઘડો લીધાનો શરુ કર્યો હતો.

આ મિટિંગમા મેયર, કલેકટર તથા સ્થાનિક ધારાસભ્ય હાજર હતા.ગત ૨૭મી જાન્યુઆરીના રોજ સંકલનની મિટિંગમા જે રીતે તાપી શુધ્ધિ કરણ અંગે આયોજન હાથ ધરવામા આવ્યુ હતુ તે સમયબધ્ધ કામકાજ થઇ રહ્યુ છે કે કેમ તે અંગે ચર્ચા વિચારણા કરવામા આવી હતી. આ ઉપરાત મહત્વના ચાર મુદ્દાઓ પર ચર્ચાવિચારણા કરવામા આવ્યા હતા.

૧. તાપી શુધ્ધિકરણ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કમિટિની રચના કરવામા આવી છે. જેમા અધ્યક્ષ સ્થાને કલેકટર રહેશે. આ ઉપરાંત કમિટિમા મ્યુ.કમિશનરના પ્રતિનિધિ, કાર્યપાલ ઇજનેર, ભસ્તર વિભાગના અધિકારીઓ રહેશે હાજર. આ કમિટિ તાપી પ્રોજેકટને વેગવંતુ બનાવવાના પ્રયત્નો કરાશે

૨. અપ સ્ટ્રીમ માટે તમામ પ્રકારની મંજુરી આપી દેવામા આવી છે. ૨૩ કિ.મિ અંતરની કામગીરી કરવામા આવશે. આ કામ ૧૦ દિવસમા શરુ કરવામા આવશે.

૩. ડાઉન સ્ટ્રીમમા સીંગપોર થી ઉપરવાસના અંતર પર ૧૫ દિવસમા સર્વે કરવામા આવશે.

૪. રૂપિયા ૯૭૧ કરોડના તાપી શુધ્ધિકરણના પ્રોજેકટ વેગવંતુ બને તે માટે એજન્સીની પણ નિમણુક વહેલી તકે કરી તેના પર ધ્યાન આપવા જણાવ્યુ છે.

બરફવર્ષાના કારણે સતત બીજા દિવસે વાહન વ્યવહાર બંધ

પહેલગામમાં હિમસ્ખલનથી ત્રણનાં મોત: જમ્મુ અને કાશ્મીર નેશનલ હાઈવે બંધ

જમ્મૂ

અનંતનાગ જિલ્લાના પહેલગામમાં હિમસ્ખલનથી ગઈ કાલે ત્રણ લોકો મૃત્યુ પામ્યા છે. પોલીસનું કહેવું છે કે તમામ લાશ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવી છે. ઔપચારિકતા બાદ લાશ પરિવારજનોને સોંપવામાં આવશે. એસએસપી અનંતનાગ અલતાફખાને જણાવ્યું હતું કે સતત હિમપાતના કારણે પહેલગામના રસ્તા બંધ હતા.

શુક્રવારે હવામાનમાં થોડો સુધારો થયા બાદ રસ્તા પરથી બરફ હટાવવાનું કામ શરૂ કરાયું હતું. ગુડખંભ વિસ્તારમાં જ્યારે જેસીબી બરફ હટાવતા આગળ વધવા લાગ્યું ત્યારે અચાનક બરફની શિલાઓ જેસીબી ચાલક અને અન્ય બે શ્રમિકોને સાથે ઘસડતા રસ્તાની નીચે ઊંડી ખાઈમાં લઈ ગઈ હતી. તમામ લોકો બરફમાં દબાઈ ગયા હતા.

આ પહેલાં ૧૮ જાન્યુઆરીએ લદ્દાખમાં ખારદુંગમાં ૨૦ સહેલાણીઓ બરફીલા તોફાનની ઝપેટમાં આવી ગયા હતા. તેમાંથી ૧૦ના રેસ્ક્યુ કરાયા જ્યારે પાંચ લોકો મૃત્યુ પામ્યા હતા. ખારદુંગા પાસે લદ્દાખની સૌથી ઊંચી ટોચ છે જે ૧૮,૩૮૦ ફૂટની ઊંચાઈએ છે.

હવામાન ખરાબ થવાથી આ દરમિયાન શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટની અવરજવર બંધ કરાઈ છે. અહીં બરફ વર્ષાના કારણે બે દિવસમાં લગભગ ૨૨ ફ્લાઈટ રદ કરાઈ છે. આ કારણે જમ્મુ-કાશ્મીરનો દેશ દુનિયાથી હવાઈ સંપર્ક તૂટી ગયો છે.

હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરના નવ જિલ્લા- અનંતનાગ, બડગામ, બારામુલ્લા, બાંદિપુરા, ગાંદરબલ, કારગિલ, ફૂલગામ, કૂપવાડા અને લેહ લદ્દાખમાં એવલોન્ચ આવવાનું એલર્ટ જારી કર્યું હતું. લોકોને સચેત રહેવાની સલાહ અપાઈ હતી. રાજ્યના ઘણા ભાગમાં હજુ સુધી હિમસ્ખલનનો ખતરો યથાવત્ છે.

બરફ વર્ષા અને હિમસ્ખલનના કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે સતત બીજા દિવસે પણ વાહનવ્યવહાર માટે બંધ રહ્યો છે. અધિકારીઓએ જાણકારી આપતા કહ્યું કે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ કાશ્મીર અને દેશના બાકી ભાગને જોડનાર એક માત્ર રસ્તો છે. જવાહર સુરંગ બનીહાલ-રામવન ખંડમાં તાજેતરની બરફ વર્ષા અને રામબન ખંડમાં ભૂસ્ખલનના કારણે રાજમાર્ગ બંધ રખાયો છે.

For ALL SEASONS & ALL OCCASIONS

Treat Resort
SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
+ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
+ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
+ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
+ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
+ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
+ એક્સકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
+ શેતરંજી + આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

ફેસબુક સાઈટ ઉપર અલગ અલગ ડમી એકાઉન્ટો બનાવી

મહિલાના બીભત્સ ફોટાઓ અપલોડ કરનાર આરોપીની ભૂજખાતેથી ઝડપી પાડતી સાયબર સેલ ભરૂચ



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓએ ભરૂચ જીલ્લામાં બનતા સાયબર ક્રાઈમને લગતા ગુનાઓ અટકાવવા અંગે આપેલ સુચના અનુસંધાને ઈન્ચાર્જ.પીઆઇ એસીબી જે.એન.ઝાલા નાએ ભરૂચ શહેર 'સી' ડીવી પો.સ્ટે.। ગુરનં. ૧૯/૧૯ના ગુનાનો આરોપી સતુભા સોમભા જાડેજા રહે. મોટા રેહા ગામ તા.જી.ભૂજ ખાતેથી ગુનાને અજામ આપતો હોવાની માહિતી આધારે સાયબર ક્રાઈમની ટીમના પોલીસ માણસોને આરોપીની તપાસમાં ભૂજ ખાતે મોકલી આપેલ.જ્યાં સાયબર સેલની ટીમે આરોપી સતુભા સોમભા જાડેજાના ઘરે લોકલ પોલીસ સાથે છાપો મારતાં આરોપી પોલીસની ઘરપકડથી બચવા માટે પોતાના ઘરને આગ લગાડેલ જે આગ બેકાબુ બનતાં સાયબર ટીમના પોલીસ માણસો તથા સ્થાનિક પોલીસના માણસોએ ભારે જહેમત બાદ ઘરનો દરવાજો તોડી આરોપી તથા આરોપીની માતા,બેન તથા ભાઈને સહી સલામત બહાર કાઢેલ,જે સંબંધે પણ ભૂજ જીલ્લાના પધ્ધર પો.સ્ટે.માં આરોપીની માતાએ ફરીયાદ આપતા આરોપી વિરૂધ્ધ અલાયદો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે. અને સાયબર ટીમે આરોપીને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી ૮/૮૪૧ (૧) આઇ મુજબ અટક કરી આગળની વધુ તપાસ કરવા સારૂ ભરૂચ શહેર 'સી' ડીવી. પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

પાર્કિંગ અંગે કુબેરજી માર્કેટમાં મારામારી

સુરત

મહિધરપુરા કુબેરજી માર્કેટ વિસ્તારમાં સિક્યુરિટી જવાને મારૂતિવાનના ચાલકને વાન બીજી જગ્યાએ પાર્ક કરવાનુ કહેતા ચારેક ઈસમોએ લાકડીના વડે માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકે નોંધાયો હતો. મૂળ બાંદા જિલ્લાના વતની અને હાલમાં મહિધરપુરા દિલ્હીગેટ વિસ્તારમાં આવેલ કુબેરજી માર્કેટમાં સિક્યુરિટી જવાબ તરીકે ફરજ બજાવતા રજજુસિંગ ઠાકુરે જીજે-૦૫-સીએચ-૧૩૧૬ નંબરના મારૂતિ ચાલકે લિસ્ટની બાજુમાં વાત લાવી પોટલા ઉતારતો હતો ત્યારે તેને વાન આગળ પાર્ક કરવાનું કહેતા ઉશ્કેરાઈ જઈ ચાર ઈસમોએ લાકડી વડે માર મારી ઈજાો પહોંચાડી ફરાર થઈ ગયા હતા.

સવર્ણ જાતિઓને ૧૦ ટકા અનામતનો વિવાદ : કાછીયા જાતિ સેમા આવે : સમાજે ઉગ્ર આંદોલનની ચીમકી આપી

કાછીયા જ્ઞાતિ નથી સવર્ણમાં ગણાતી : નથી ST, SC, OBC માં ગણાતી તો આ જ્ઞાતિ ક્યાંથી આવી સરકારને સમાજનો પ્ર શ્ન

નર્મદા જિલ્લા સહીત રાજ્ય વ્યાપી આંદોલન સમાજ કરશે : મહેશ દલાલ ગુજરાત રાજ્ય કાછીયા સમાજ સેવા સેતુ ટ્રસ્ટ મેનેજીંગ ટ્રસ્ટી

રાજપીપળા : ગુજરાત સહીત ભારતમાં જ્ઞાતિઓનું રાજકારણ હંમેશા ચાલતું આવ્યું છે, છેલ્લા કેટલાય વર્ષથી વિવિધ રાજ્યો માં અનામતની ચળવળ ચાલે છે અને ગુજરાતમાં પણ પાટીદાર આંદોલન ૫ વર્ષ થી ચાલે છે ત્યારે બંધારણને તોડી અનામત અપાવી સહેલી નથી છતાં આગામી ૨૦૧૯ ની ચૂંટણીમાં સવર્ણ વોટ બેન્કને ભાજપમાં વાળવા મોદી સરકારે સવર્ણ અનામત આપી દીધી ત્યારે આ સવર્ણ જાતિમાં સમાવેશ એવા કાછીયા સમાજ ૧૦ ટકાનો લાભ લેવા ગયા ત્યારે તેમને ખબર પડી કે તેઓ સવર્ણ જાતિમાં આવતા નથી. તો બોલો આજે દેશને આઝાદ થયે ૭૩ વર્ષ વીતી ગયા પણ રાજ્યમાં એક લાખ થી વધુ વસ્તી ધરાવતી કાછીયા જ્ઞાતિ સેમા આવે છે એ કોઈને ખબર નથી, ત્યારે આ સમાજે ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે.

આ બાબતે ગુજરાત કાછીયા સમાજ સેવા સેતુ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મહેશ દલાલે જણાવ્યું હતું કે અત્યાર સુધી અમને જનરલ કેટેગરીમાં ગણવામાં આવતા હતા અમે પણ ૨૦૦૨ માં અનામતની લડત છેડી હતી અને અનામત માટે આંદોલન પણ ચલાવ્યું હતું પણ હજુ સુધી મળ્યું નથી ત્યારે અમારી કાછીયા જ્ઞાતિ નથી સવર્ણમાં ગણાતી કે નથી ST, SC, OBC માં ગણાતી તો આ જ્ઞાતિ ક્યાંથી આવી, આઝાદીની લડતમાં પણ સમાજનું યોગદાન છે ત્યારે સરકાર દ્વારા તાજેતરમાં જે જ્ઞાતિઓનું લિસ્ટ મુકવામાં આવ્યું છે. જેમાં કાછીયા સમાજ જ્ઞાતિનો સમાવેશ થતો નથી, મામલતદાર થી લઈ સમાજકલ્યાણ અધિકારીઓને મળ્યા પણ કોઈ સરખો જવાબ અપાતો નથી જેથી હવે રાજ્ય વ્યાપી આંદોલન કરવું પડશે.

પલસાણામાં શેરડીના ખેતરમાં છૂપાવેલા દારૂનો જથ્થો મળ્યો

પાંચ બૂટેગરોને શોધતી પોલીસ

સુરત

પલસાણા-કારેલી ગામના શેરડીના ખેતરમાંથી પોલીસે ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૩૩૮ નંગ બોટલો કિંમત રૂા. ૧.૩૧ લાખની ઝડપી પાડી હતી. વિદેશીની બોટલો સગેવગે કરનારા ૫ બુટલેગરોને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવાયા હોવાનુ પણ પોલીસે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા-કારેલી ગામ ગિરનાર ફળિયામાં રહેતા મુકેશ ઉર્ફે ગુલીયો રાઠોડ, દીપક ભોંઈ, વસંત રાઠોડ, સાગર મોરે તથા સુરેશ વસાવા વિદેશી દારૂની બોટલો લાવી તેનું વેચાણ કરે છે. ગતરોજ પોલીસે કારેલી ગામ ખાતે આવેલા શેરડીના ખેતરમાં દરોડા પાડી વગર પાસ પરમીટનો વિદેશી દારૂની ૧૩૩૮ નંગ બોટલો કિંમત રૂા. ૧.૩૧ લાખની કબજે કરી હતી. પોલીસે આ મુદ્દામાલ સગેવગે અને પોલીસની રેઈડ જોઈને ફરાર થઈ જનારા ૫ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે પ્રોહીબશન એકટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગરુડેશ્વરથી બાઈક ઉપર લગ્નમાં જતા ત્રણ મિત્રોનો અકસ્માત થતા એકનું મોત બેને ગંભીર ઈજા

મિત્રના કાકાની દીકરાના લગ્નમાં ભુતિયાદરા ગામે જવા નીકળેલા ત્રણ મિત્રોનો ગરુડેશ્વરમાં અકસ્માત થયો અને લગ્નના બદલે સીધા હોસ્પિટલ ભેગા થયા

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતેથી લગ્નમાં અન્ય ગામ જતા ત્રણ મિત્રોની બાઈક અન્ય બાઈક સાથે ભટકાતા એકનું મોત થયું હતું .

પ્રાપ્ત વિગતો અનુસાર ગત તારીખ ૨૩ જાન્યુઆરીના રોજ લગ્નમાં જઈ રહેલા ત્રણ મિત્રો પૈકી અક્ષય વિક્રમભાઈ તડવી રહે.નાનીરાવલ તા.ગરૂડેશ્વર તથા તેના મિત્ર મિનેષ રમણભાઈ તડવી રહે.કલીમકવાણા તા.ગરૂડેશ્વર તથા લાલુ કરશનભાઈ તડવી રહે.ભાણદ્રા નવી વસાહત મો.સા.નં. જી.જે.૨૨ કે ૫૦૭૦ લઈ મિત્રના કાકાના દિકરાના લગ્નમા ભુતિયાદરા ગામ જવા નીકળેલા તે વખતે ગરૂડેશ્વર રોડ ઉપર જતા તેમની મો.સા.ની આગળ અન્ય મો.સા નો ચાલાક અચાનક ટર્ન મારવા જતા જોરથી બ્રેક મારતા મો.સા.નુ સ્ટેરીગ કટ્રોલ ન રહેતા ત્રણેય મિત્રો મો.સા. ઉપરથી ફેકાઈ ગયા જેમાં ત્રણેયને ઈજાઓ થઈ ત્યારબાદ સારવાર અર્થે દાખલ થયા જેમાં મિનેષભાઈ તડવીનું સારવાર દરમ્યાન મોત થયું હતું .ગરુડેશ્વર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતના આદિવાસીઓને પેસા એક્ટ હેઠળ હક્ક મળશે, જીવન ધોરણ ઉંચુ આવશે : નિરંજન વસાવા

પેસા એક્ટ માટેની રાજ્ય સરકારે તાલીમ આપવાની શરૂઆત કરી : નર્મદાના પાંચ પ્રતિનિધિએ મેળવી તાલીમ



રાજપીપળા : અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતી રાજના અમલીકરણ માટે ગુજરાત રાજ્યએ પેસા એક્ટ લાગુ કર્યો છે, ત્યારે તમામ જિલ્લા તાલુકાઓમાં પેસા એક્ટ હેઠળ તાલીમ આપી પ્રતિનિધિ તૈયાર કરવામાં આવી રહ્યા છે અને આ એક્ટ માં કઈ કઈ જોગવાઈ છે કેવી રીતે આદિવાસીઓને રક્ષણ આપી શકાય એ તમામ બાબતોની તાલીમ આપવામાં આવી જેમાં એક જિલ્લામાં થી એક ટીડીઓ, તલાટીઓ અને સરપંચ સહીતના સરકારી પ્રતિનિધિઓને તાલીમ આપવામાં આવી.

તાજેતર માં ગાંધીનગર ખાતે નર્મદા જિલ્લામાંથી પાંચ પ્રતિનિધિ ને પેસા એક્ટ ની સમજણ અને તાલીમ માટે બલાવવામાં આવ્યા હતા,પેસા એક્ટ જે સમગ્ર દેશમાં તેમજ ગુજરાતના ૧૩ જીલ્લા અને ૫૦ તાલુકાનો સમાવેશ કરેલ છે. જેમા આદિવાસી સમાજના લોકોને પેસા એક્ટ વિશે સાચી માહિતી મળે અને તેમા મારુ ગામ મારુ સ્વરાજ વિશે.માગેદશન તેમજ તેના વિશે લોકો માં જાગૃતા આવે તે માટે ટ્રેનિગ આપવામાં આવી. આ તમામ તાલીમ પામેલ લોકો હવે જિલ્લામાં અન્ય લોકોને તાલીમ અપાશે.

આ બાબતે તાલીમ મેળવેલ કુંવારપરાના સરપંચ નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે પેસા એક્ટ લાગુ કરનાર ગુજરાત રાજ્ય ભારતમાં પ્રથમ છે અને જેના થકી આદિવાસીના હક્કો અને લાભો મળશે.

